# ભારતીય બંધારણ











jobguj.com

આપણો દેશ ભારત આઝાદ થયો તે પહેલાં બ્રિટિશ સરકારે ઘણાં વર્ષો સુધી શાસન કર્યું હતું. પરંતુ આવડા મોટા દેશનો વહીવટ સરળતાથી ચલાવવા માટે તેમણે વિવિધ પ્રકારના અધિનિયમ (એક્ટ) પસાર કર્યા જેના વિશે જાણવું આપણા સૌના માટે અગત્યનું છે.

## ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ - 1935

ભારતીય શાસન અધિનિયમ - 1935 સર જ્હોન સાયમનની ભલામણોને આધારે બ્રિટિશ સરકારે પસાર કર્યો હતો. આ અધિનિયમમાં દ્વિમુખી શાસન પદ્ધતિ સૂચવવામાં આવી. જેમાં ઉપલાં ગૃહને રાજ્યપરિષદ અને નીચલા ગૃહને કેન્દ્રીય વિધાનસભા તરીકે ઓળખવામાં આવતી હતી.

## ઓગસ્ટ પ્રસ્તાવ - 1940

ઓગસ્ટ પ્રસ્તાવ - 1940માં વાઇસરોયે જાહેર કર્યું કે બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી ભારતનું બંધારણ ઘડવા માટે એક કમિટી બનાવવામાં આવશે. યુદ્ધ દરમિયાન તેની કારોબારી સમિતિમાં તથા યુદ્ધમાં સલાહકાર સમિતિમાં ભારતના નેતાઓને નીમવાની પણ વાઇસરોયે તૈયારી બતાવી હતી.
પરંતુ કોંગ્રેસે તેનો અસ્વીકાર કર્યો.

## ક્રિપ્શ મિશન - 1942

ડીસેમ્બર - 1942માં જાપાનની સરકારે અમેરિકા સામે યુદ્ધની ઘોષણા કરી. જાપાનના સૈનિકોએ ઇન્ડોનેશિયા, ફિલિપાઈન્સ, ચીન, મલાયા વગેરે પ્રદેશો જીતી લીધા. ત્યારબાદ ફેબ્રુઆરી 1942ના અંત સુધીમાં તો સિંગાપુર અને રંગૂન જીતી લીધા. જાપાને ભારતના પૂર્વકાંઠાના વિસ્તારોમાં બોમ્બમારો કર્યો. આથી ભારતમાં યુદ્ધ થવાની શરૂ થવાની અણીએ હતું. આ વિકટ પરિસ્થિતિમાં બ્રિટિશ સરકારે તેના એક પ્રધાન સ્ટેફર્ડ ક્રિપ્શને ભારતને યુદ્ધ માટે મનાવવા ભરતા મોકલ્યો.

યુદ્ધ પૂરું થયા પછી બંધારણ ઘડવા માટે બંધારણસભાની રચના કરવામાં આવશે. નવું બંધારણ ઘડાય ત્યાં સુધી વાઇસરોયની કારોબારી સમિતિમાં અને સંરક્ષણ ખાતા સિવાયના બધા ખાતામાં ભારતના પ્રતિનિધિને નીમવામાં આવશે. અને યુદ્ધ દરમિયાન ભારતની સંપૂર્ણ જવાબદારી બ્રિટિશ સરકાર લેશે. એવી અગત્યની દરખાસ્તો આડકતરી રીતે મુસ્લિમ લીગની અલગ પાકિસ્તાનની માંગણી સ્વીકારવા જેવી લાગતી હતી. તેથી કોંગ્રેસે અને મુસ્લિમ લીગે તેનો અસ્વીકાર કર્યો. એપ્રિલ - 1941બ્રિટિશ સરકારે ક્રિપ્શ દરખાસ્ત પરત ખેંચી લીધી.

## વેવેલ યોજના

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું એટલે ઇંગ્લેન્ડમાં ચૂંટણીઓ થઇ. તેમાં મજૂર પક્ષના નેતા ક્લેમેન્ટ એટલી વડાપ્રધાન બન્યા. તેઓ ભારતને સ્વતંત્રતા આપવા તૈયાર હતા. તેમના આદેશથી ભારતના રાજકીય સંઘર્ષનો ઉકેલ લાવવા વાઇસરોય વેવેલને વચગાળાની વ્યવસ્થા ઊભી કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ વેવેલ યોજના ઉપર વિચારણા કરવા ભારતના બધા રાજકીય પક્ષોના આગેવાનોની એક પરિષદ સિમલામાં ભરવામાં આવી. પરંતુ

મહમદ અલી ઝીણાએ વાઇસરોયની કારોબારી સમિતિમાં મુસ્લિમોની બેઠકો માટે મુસ્લિમ લીગ જે નેતાઓના નામ સૂચવે તેમના દ્વારા ભરાવી જોઈએ. એવો આગ્રહ રાખ્યો. વેવેલ યોજના પણ ક્રિપ્શ મિશનની જેમ નિષ્ફળ ગઈ.

## કેબિનેટ મિશન

ઇંગ્લેન્ડના વડા પ્રધાન ક્લેમેન્ટ એટલીએ ભારતને પૂર્ણ સ્વતંત્રતા આપવાની વાટાઘાટો કરવા માટે કેબિનેટ કક્ષાના ત્રણ પ્રધાનો (1) પેથીક લોરેન્સ (અધ્યક્ષ) (2) એ.વી.એલેકઝાન્ડર (૩) સર સ્ટેફર્ડ ક્રિપ્શને ભારત મોકલવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ યોજનામાં લાંબાગાળાની યોજના અને વચગાળાની સરકાર બનાવવા માટેની જોગવાઈ કરવામાં આવી હતી. લાંબાગાળાની યોજના પ્રમાણે ભારતને (1) હિન્દુ બહુમતીવાળા (2) મુસ્લિમ બહુમતીવાળા (૩) મિશ્ર વસતિવાળા એવા જૂથોમાં વહેચવામાં આવ્યું આ ત્રણેય જૂથને કેંદ્ર સરકાર સાથે સ્વેચ્છાએ જોડાણ કરવાની સત્તા આપી. પરંતુ કેબિનેટ મિશને મુસ્લિમ લીગ અને કોંગ્રસની માંગણી સંતોષવા માટે પ્રયાસ કર્યો.

વચગાળાની યોજના પ્રમાણે તત્કાલ વચગાળાની સરકાર રચવામાં આવી. જેમાં મુસ્લિમ અને હિંદુ ધર્મના પ્રિતિનિધિઓનું પ્રભુત્વ સરખું રાખીને અન્ય ધર્મના લોકોને વસતિ પ્રમાણે પ્રતિનિધત્વ આપવાનું હતું. અંતે બ્રિટિશ સરકારે આ બંને યોજના સ્વીકારવાની ના પાડી.

## બંધારણસભાની રચના

બંધારણસભાની રચના કેબિનેટ મિશન પ્લાન - 1946 હેઠળ પરોક્ષ મતદાન દ્વારા થઇ. જુલાઈ 1946માં ચૂંટણીઓ પૂરી થઇ જેમાં બંધારણ સભામાં કુલ 389 સભ્યો પૈકી 296 સભ્યોની ચૂંટણીઓ થઇ હતી. કોંગ્રેસે 210 બેઠકોમાંથી 201 અને મુસ્લિમ લીગે 78 બેઠકોમાંથી 73 બેઠકો મેળવી. આથી કોંગ્રેસ રાષ્ટ્રીય સંસ્થા અને મુસ્લિમ લીગે મુસ્લિમોના પ્રતિનિધિ હોવાનું સાબિત કર્યું. 9 ડીસેમ્બર 1946ના રોજ બંધારણસભાની પ્રથમ બેઠક નવી દિલ્લી મુકામે મળી. આ પ્રથમ બેઠકના અસ્થાયી અધ્યક્ષ ડૉ.સચ્ચિદાનંદ સિંહા હતા.

11 ડીસેમ્બર 1946ના રોજ પંડિત જવાહરલાલ નહેરુએ બંધારણસભામાં ઉદ્દેશ્ય પ્રસ્તાવ રજૂ કર્યો. 22 જાન્યુઆરી 1947ના રોજ બંધારણીય સલાહકાર તરીકે બી.એન. રાવને પસંદ કરાયા.

## વચગાળાની સરકાર

બંધારણીય સભાની રચના બાદ વાઇસરોયે મુસ્લિમ લીગ અને કોંગ્રેસની વચગાળાની સરકાર બનાવવા આમંત્રણ મોકલ્યું પરંતુ મુસ્લિમ લીગે આમંત્રણનો અસ્વીકાર કર્યો અને કોંગ્રેસે સ્વીકાર કર્યો. 2જી સપ્ટેમ્બર 1946ના રોજ જવાહરલાલ નહેરુ વચગાળાની સરકારના વડાપ્રધાન બન્યા. આ વચગાળાની સરકારમાં હિંદુ, મુસ્લિમ, શીખ, પારસી, જૈન અને અન્ય પછાત જાતિ પ્રતિનિધિ ધરાવતી હતી. તેમ છતાં મુસ્લિમ લીગના પાંચ સભ્યો સરકારમાં

જોડાયા. અને અંદરખાને વિરોધ શરૂ થયો. પરિણામે મુસ્લિમ લીગે બંધારણસભાનો વિરોધ શરૂ કર્યો.

## ભારતીય સ્વતંત્રતા અધિનિયમ - 1947

માઉન્ટ બેટન યોજનાને આધારે બ્રિટિશ પાર્લામેન્ટે હિંદ સ્વાતંત્ર્ય ધારો જુલાઈ - 1947માં પસાર કર્યો. જે મુજબ 14મી ઓગસ્ટ 1947ના રોજ પાકિસ્તાન અને 15મી ઓગસ્ટ 1947ના રોજ ભારત એમ બે દેશોનું નિર્માણ થયું. સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ તરીકે માઉન્ટ બેટનને નીમવામાં આવ્યા હતા. મહાત્મા ગાંધીએ બ્રિટિશ પાર્લામેન્ટ દ્વારા ઘડાયેલ હિંદ સ્વતંત્રતા ધારો - 1947ને સૌથી શ્રેષ્ઠ ધારો કહ્યો હતો.

## ભારતીય બંધારણ અને બંધારણ સભા વિશે અગત્યના મુદ્દા

- ભારતીય બંધારણ માટે સૌપ્રથમ ગોળમેજી પરિષદ બોલાવવાની માંગણી જવાહરલાલ નહેરુએ કરી હતી.
- બંધારણ સભામાં એંગ્લો ઇન્ડિયનોનું પ્રતિનિધિત્વ ફ્રેંક એન્થનીએ કર્યું હતું.
- બંધારણસભમાં અનુસૂચિત જનજાતિના સભ્યોની સંખ્યા 33 રખાઈ હતી.
- બંધારણસભમાં ચૂંટાયેલા તમામ મહિલા સભ્યો કોંગ્રેસ પક્ષ સાથે જોડાયલી હતી.
- બંધારણસભાની રચના સમયે તેમાં 8 પરિશિષ્ટ અને 395 અનુચ્છેદ હતા. હાલમાં 444 અનુચ્છેદ અને 12 પરિશિષ્ટ છે.
- બંધારણના નિર્માણમાં 2 વર્ષ, 11 માસ, 18 દિવસ લાગ્યા હતા.
- 24 જાન્યુઆરી 1950ના રોજ બંધારણ પર 284 સભ્યોએ હસ્તાક્ષર કર્યા હતા તેમાં 8 મહિલાનો સમાવેશ થાય છે.
- ભારતીય બંધારણનું પ્રથમ વાંચન 4 નવેમ્બર 1948ના રોજ થયું હતું. જયારે અંતિમ વાંચન 15 નવેમ્બર 1949ના રોજ કરવામાં આવ્યું હતું.
- બંધારણનો સ્વીકાર 26 નવેમ્બર 1949ના રોજ કરાયો હતો.
- બંધારણનો અમલ 26 જાન્યુઆરી 1950થી થયો હતો.
- બંધારણ ઘડવા માટે કુલ 64 લાખનો ખર્ચ થયો હતો.
- બંધારણ ઘડવાનો સૌપ્રથમ વિચાર એમ.એન.રોયને આવ્યો હતો.
- બંધારણ ઘડનારી ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન ડૉ.બી.આર.આંબેડકર હતા અને બંધારણ સભાના પ્રમુખ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ હતા.
- જય પ્રકાશ નારાયણ અને તેજ બહાદુર સ્પ્રુએ ખરાબ સ્વાસ્થ્યના લીધે બંધારણસભાની ઉમેદવારી ન સ્વીકારી.
- કોંગ્રેસના ફૈઝપુર અધિવેશન - 1936માં બંધારણ સભા રચવાની સૌપ્રથમ માંગણી થઇ હતી.
- "ભારતીય બંધારણ ભારતના લોકોની ઈચ્છાને અનુરૂપ હોવું જોઈએ" આવું ગાંધીજીએ કહ્યું હતું.

## બંધારણ સભાની મુખ્ય સમિતિઓ

| **સમિતિ** | **અધ્યક્ષ** |
|---|---|
| પ્રારૂપ સમિતિ | ડૉ.ભીમરાવ આંબેડકર |
| કેન્દ્રીય બંધારણ સમિતિ | જવાહલાલ નહેર |
| કેન્દ્રીય સંઘ શક્તિ સમિતિ | જવાહરલાલ નહેરુ |
| સંઘ સરકાર સમિતિ | જવાહરલાલ નહેરુ |
| મૂળભૂત અધિકાર સમિતિ | સરદાર પટેલ |
| લઘુમતિ અધિકાર સમિતિ | સરદાર પટેલ |
| પ્રાંતીય સંવિધાન સમિતિ | સરદાર પટેલ |
| સંચાલન સમિતિ | ડૉ.રાજેન્દ્ર પ્રસાદ |
| કામચલાઉ સમિતિ | ડૉ.રાજેન્દ્ર પ્રસાદ |
| ઝંડા સમિતિ | જે.બી.કૃપલાણી |
| કાર્યોની સંચાલન સમિતિ | કનૈયાલાલ મુનશી |

### પ્રારૂપ સમિતિ (ડ્રાફ્ટિંગ કમિટી)

ચેરમેન : - ડૉ.બી.આર.આંબેડકર
સભ્યો : -

1. એન.ગોપાલસ્વામી આયંગર
2. અલ્લાદી કૃષ્ણા સ્વામી ઐયર
3. સૈયદ મોહમ્મદ અબ્દુલા
4. કનૈયાલાલ મુનશી (એકમાત્ર ગુજરાતી સભ્ય)
5. ડી.પી.ખેતાન (1948માં તેમના મૃત્યુ પછી ટી.ટી.કૃષ્ણામાચારીને સભ્યપદ આપવામાં આવ્યું હતું.)
6. એન.માધવ રાવ (બી.એલ.મિતરના સ્થાને નિમણૂક કરવામાં આવી હતી.)

## રાષ્ટ્રીય ધ્વજ

24 જુલાઈ 1947ના રોજ બંધારણીય સભાએ રાષ્ટ્રીય ધ્વજનો સ્વીકાર કર્યો. વર્તમાન રાષ્ટ્રીય ધ્વજની ડીઝાઇન મેડમ ભીખાઈજી કામાએ તૈયાર કરી હતી. રાષ્ટ્રધ્વજની લંબાઈ અને પાહોળાઈનું પ્રમાણ 3:2 છે. રાષ્ટ્રધ્વજ ત્રણ રંગોમાં વહેચાયેલ છે. જેમાં કેસરી રંગ બલિદાનનું, સફેદ રંગ શાંતિ અને સત્યનું, લીલો રંગ વિશ્વાસ અને દાક્ષિણ્યનું પ્રતિક છે. વચ્ચે વાદળી રંગનું અશોકચક્ર છે જે પ્રગતિનું પ્રતિક છે.

## રાષ્ટ્રીય પ્રતિક

26 જાન્યુઆરી 1950ના રોજ ભારત સરકારે સારનાથ (વારાણસી)માં સ્થિત અશોક સ્તંભ ઉપરની ચાર સિંહોની મુખાકૃતિને રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્વીકાર કર્યો છે. જમણી બાજુ બળદ

અને હાથી જયારે ડાબી બાજુ ઘોડો અને સિંહ છે. તેની નીચે દેવનાગરી લિપિમાં 'સત્યમેવ જયતે' લખાયું છે. જે મૂંડકોપનિષદમાંથી લેવાયેલ છે. જે રાષ્ટ્રીય વાક્ય તરીકે ઓળખાય છે.

## રાષ્ટ્રગાન

'જન - મન - ગન' એ આપણું રાષ્ટ્રગાન છે. જેનો બંધારણીય સભાએ 24 જાન્યુઆરી 1950ના રોજ સ્વીકાર કર્યો હતો. સૌપ્રથમ 27 ડીસેમ્બર 1911ના રોજ રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં ગવાયું હતું. આ ગીતની રચના રવીન્દ્રનાથ ટાગોરે કરી હતી. આ ગીતામાં કુલ 5 પદ છે. જેમાંથી પ્રથમ પદનો જ સ્વીકાર કરવામાં આવ્યો છે. આ પદમાં પ્રથમ અને છેલ્લી પંક્તિ ગવાય છે. રવીન્દ્રનાથ ટાગોરના આ ગીતનું પ્રકાશન સૌપ્રથમ 1912માં 'તત્વબોધિની' નામની પત્રિકામાં 'ભારત ભાગ્ય વિધાતા' શીર્ષક હેઠળ થયું હતું.

## રાષ્ટ્રગીત

'વંદે માતરમ્' આપણું રાષ્ટ્રગીત છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત નવલકથા 'આનંદમઠ'માંથી લેવાયું છે. પ્રથમવાર 1896ના કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં ગવાયું હતું.

## રાષ્ટ્રીય કેલેન્ડર

શક સવંતને રાષ્ટ્રીય કેલેન્ડર તરીકે ભારત સરકારે 22 માર્ચ 1957ના રોજ સ્વીકાર કર્યો છે. પ્રથમ માસ ચૈત્ર અને છેલ્લો માસ ફાગણ છે.

## બંધારણનું આમુખ

ભારતીય બંધારણમાં આમુખનો ખ્યાલ અમેરિકાના બંધારણમાંથી અને આમુખની ભાષા ઓસ્ટ્રેલિયાના બંધારણમાંથી લીધેલ છે. 13મી ડિસેમ્બર 1946ના રોજ બંધારણસભામાં જવાહલાલ નહેરુએ આમુખનો ખ્યાલ રજૂ કર્યો હતો. ઈ.સ. 1976માં 42માં બંધારણીય સુધારા દ્વારા આમુખમાં સમાજવાદી, બિનસાંપ્રદાયિકતા અને રાષ્ટ્રની અખંડિતતા શબ્દો જોડાયા. બંધારણની પ્રસ્તાવનામાં અનુચ્છેદ - 368ને આધારે સંશોધન કરાય કે નહિ તેવા પ્રશ્ન પર સૌપ્રથમ કેશવાનંદ ભારતી કેસમાં સુપ્રિમ કોર્ટે વિચાર કર્યો અને તારણોના અંતે કહ્યું કે ભારતીય સંસદ અમુખમાં સંશોધન કરી શકશે. પરંતુ તેવા ભાગમાં સુધારો નહિ કરી શકાય જે બંધારણનું મૂળભૂત માળખું હોય. 1973માં સુપ્રિમ કોર્ટે કહ્યું કે 'આમુખ એ બંધારણનો જ ભાગ છે.' અત્યાર સુધી બંધારણના અમુખમાં એક જ વાર સુધારો થયો છે. કનૈયાલાલ મુનશીએ આમુખને 'બંધારણની કુંડળી' તરીકે ઓળખાવી હતી.

## ભારતીય બંધારણમાં ઉપયોગમાં લેવાયેલ અન્ય દેશોની જોગવાઈ

- ગણતાંત્રિક વ્યવસ્થા - ફ્રાંસ
- મૂળભૂત ફરજો - રશિયા
- મૂળભૂત અધિકારો - અમેરિકા
- આમુખનો વિચાર - અમેરિકા
- સુપ્રિમ કોર્ટની વહીવટી પદ્ધતિ - અમેરિકા

˜E રાષ્ટ્રપતિ પર મહાભિયોગની પ્રક્રિયા - અમેરિકા
˜E સ્વસ્થ અને તટસ્થ ન્યાયતંત્રનો સિદ્ધાંત - અમેરિકા
˜E બંધારણમાં સુધારાની પ્રક્રિયા - દ.આફ્રિકા
˜E કટોકટીની જોગવાઈ - જર્મની
˜E ભારતીય સંસદીય પદ્ધતિ - ઇંગ્લેન્ડ
˜E લોકસભાના અધ્યક્ષનો હોદ્દો - ફ્રાંસ
˜E એકલ નાગરિકત્વ - બ્રિટન
˜E સંસદ તથા વિધાનસભા અને વિધાન પરિષદની પ્રક્રિયા - બ્રિટન
˜E સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનો ખ્યાલ - ફ્રાંસ
˜E કેંદ્ર અને રાજ્યની સહવર્તીની જોગવાઈ - ઓસ્ટ્રેલિયા
˜E રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો - આયર્લેન્ડ
˜E લોકસભામાં એંગ્લો - ઇન્ડિયન અને રાજ્યસભાના સાહિત્ય, કલા, વિજ્ઞાન, સમાજસેવા અને રમતગમતના ક્ષેત્રમાં ખ્યાતનામ નાગરિકોની નિમણૂક - આયર્લેન્ડ
˜E ઉપરાષ્ટ્રપતિનું પદ - અમેરિકા

## ભાષાના આધારે રાજ્યોની રચના

બંધારણ સભાના અધ્યક્ષ રાજેન્દ્ર પ્રસાદે ભાષાના આધારે રાજ્યોની રચના યોગ્ય છે કે નહીં તેની તપાસ કરવા માટે નવેમ્બર 1947માં એસ.કે.ધારની અધ્યક્ષતા હેઠળ ચાર સભ્યોવાળા ભાષા પંચની રચના કરી અને 1948માં પંચે અહેવાલ રજૂ કર્યો તેમાં જણાવાયુ કે રાજ્યોની રચના ભાષાને આધારે નહીં પરંતુ વિકાસ, નાણાકીય સગવડ, વહીવટી બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ. એસ.કે.ધારની આગેવાની હેઠળ રચાયેલ ભાષાપંચના અહેવાલની વિગતો તપાસવા ઈ.સ.1948માં કોંગ્રેસના જયપુર અધિવેશનમાં જવાહરલાલ નહેરુ, વલ્લભભાઈ પટેલ અને પટ્ટાભી (JVP)ની ત્રણ સભ્યોની સમિતિ રચાઈ. આ સમિતિએ એવું કહ્યું કે કોઈપણ રાજયની રચના ભાષાને આધારે નહીં પરંતુ દેશની સુરક્ષા, અર્થવ્યવસ્થાને આધારે કરાવી જોઈએ. આખરે JVP ભલામણોને ઈ.સ.1949માં સ્વીકારાઈ.

જેવીપી સમિતિની ભલામણોને ધ્યાનમાં રાખી મદ્રાસ રાજ્યના શ્રીરામુલ્લુની આગેવાની હેઠળ તેલુગુ ભાષી લોકો માટે અલગ રાજ્યની રચના કરવા ઉપવાસ શરુ કર્યા અને 1952માં તેમનું અવસાન થયું. આંદોલનને ધ્યાનમાં રાખી તેલુગુ ભાષાના લોકો માટે આંધ્રપ્રદેશની સૌપ્રથમ ભાષાના આધારે રચના થઇ.

ડીસેમ્બર 1953માં રાજ્ય પુનર્ગઠન આયોગની સ્થાપના થઇ. આયોગના અધ્યક્ષ ન્યાયમૂર્તિ ફઝલઅલી તથા હૃદયનાથ કુંજરુ અને કે.એમ.પાણિકર સભ્ય હતા. 1956માં રાજ્ય પુનર્ગઠન અધિનિયમ બનાવવામાં આવ્યો. આ અધિનિયમ હેઠળ 14 રાજ્યો અને 5 કેંદ્રશાસિત પ્રદેશની સ્થાપના કરવામાં આવી.

## બંધારણના ભાગો - 22

- ભાગ - 1 - સંઘ અને તેના રાજ્યો
- ભાગ - 2 - નાગરિકતા સંબંધી જોગવાઈ
- ભાગ - 3 - મૂળભૂત અધિકારો
- ભાગ - 4 - રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
  - 4(ક) - મૂળભૂત ફરજો
- ભાગ -5 - કેંદ્ર
- ભાગ - 6 - રાજ્ય
- ભાગ - 7 - કેંદ્રયાદી, રાજ્યયાદી અને સંયુક્ત યાદી
- ભાગ -8 - કેંદ્રશાસિત પ્રદેશ
- ભાગ -9 - પંચાયતો
  - 9(ક) - નગરપાલિકાઓ
- ભાગ - 10 - અનુસૂચિત જાતિ અને આદિજાતિ વિસ્તાર
- ભાગ - 11 - કેંદ્ર અને રાજ્ય સંબંધો
- ભાગ - 12 - સંસદની સત્તાઓ
- ભાગ - 13 - ભારતીય સીમામાં વેપાર અને વાણિજ્ય
- ભાગ - 14 - કેંદ્ર અને રાજ્ય હેઠળની સેવાઓ
- ભાગ - 15 - ચૂંટણી
- ભાગ - 16 - ચોક્કસ વર્ગ સંબંધી જોગવાઈ
- ભાગ - 17 - ભાષાઓ
- ભાગ - 18 - કટોકટીની જોગવાઈ
- ભાગ - 20 - બંધારણમાં સુધારાની જોગવાઈ
- ભાગ - 21 - કામચલાઉ અને પરિવર્તનીય જોગવાઈ
- ભાગ - 22 - હિન્દી પાઠ અને ટૂંકી સંજ્ઞાઓ રદ કરવાની જોગવાઈ

## ભારતીય બંધારણના પરિશિષ્ટો/અનુસૂચિઓ

- પ્રથમ પરિશિષ્ટ : ભારતના તમામ રાજ્યોના નામ તથા કેંદ્રશાસિત પ્રદેશના વિસ્તારનું વર્ણન
- બીજું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં રાષ્ટ્રપતિ, લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, રાજ્યસભાના અધ્યક્ષ, સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયાધીશ, વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, વિધાનપરિષદના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનના પગાર અને મળવાપાત્ર ભથ્થાની વિગતો આપવામાં આવી છે.
- ત્રીજું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, ન્યાયાધીશો, મંત્રીઓ વગેરે માટે શપથગ્રહણના નમૂનાઓ આપવામાં આવેલાં છે.
- ચોથું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં રાજ્યો અને કેંદ્રશાસિત પ્રદેશો પ્રમાણે રાજ્યસભાની બેઠકોની ફાળવણીની વિગતો આપવામાં આવી
- પાંચમું પરિશિષ્ટ : અનુસૂચિત જાતિઓના વહીવટ અને નિયંત્રણને લગતી માહિતી આપવામાં આવી છે.

" <u>છઠ્ઠું પરિશિષ્ટ :</u> આ પરિશિષ્ટમાં મેઘાલય, આસામ, મિઝોરમ અને ત્રિપુરા રાજ્યોના જનજાતિ ક્ષેત્રમાં વહીવટની બાબતો આપવામાં આવી છે.

" <u>સાતમું પરિશિષ્ટ :</u> આ પરિશિષ્ટમાં સંઘયાદીના 97 વિષયો, રાજ્ય યાદીના 66 વિષય અને સંયુક્ત યાદીના 52 વિષયોની યાદી આપવામાં આવી છે.

" <u>આઠમુ પરિશિષ્ટ :</u> આ પરિશિષ્ટમાં બંધારણમાન્ય 22 ભાષાઓની યાદી આપવામાં આવી છે.

" <u>નવમું પરિશિષ્ટ :</u> ભારતીય બંધારણમાં સૌપ્રથમ સુધારો કરી 1951માં પરિશિષ્ટ ઉમેરવામાં આવ્યું. આ પરિશિષ્ટમાં રાજ્ય સરકાર દ્વારા પસાર કરેલ જમીન વેચાણનો કાયદો તથા જમીનદારી નાબૂદીનો કાયદો અને બંધારણના 66મો સુધારો 1990થી ઉમેરાયેલા 55 નવા જમીનસુધારાઓ કે જેની અદાલત સમીક્ષા ન કરી શકે. આ પરિશિષ્ટની જોગવાઈઓને કોર્ટમાં પડકારી શકાતી નથી. તમિલનાડુ રાજ્યનું અનામત વિધેયક નવમાં પરિશિષ્ટમાં આવે છે.

" <u>દસમું પરિશિષ્ટ :</u> આ પરિશિષ્ટમાં 1985માં બંધારણના 52માં સુધારા દ્વારા ઉમેરાયેલા પક્ષપલટા વિરોધી કાનૂન દર્શાવવામાં આવ્યો છે.

" <u>અગિયારમું પરિશિષ્ટ :</u> આ પરિશિષ્ટ બંધારણના 73માં સુધારાથી 1992માં ઉમેરવામાં આવ્યું. પંચાયતને લગતી સત્તા અને અધિકારીની 29 વિષયોની યાદી આપવામાં આવી છે.

" <u>બારમું પરિશિષ્ટ :</u> આ પરિશિષ્ટ 74માં સુધારાથી 1992માં ઉમેરવામાં આવ્યું. નગરપાલિકાની સત્તા અને અધિકારોના 18 વિષયોની યાદી આપવામાં આવી છે.

## <u>ભારતીય બંધારણના અનુચ્છેદો</u>

### <u>ભાગ – 1</u>

Ï અનુચ્છેદ - 1 ભારત અને તેના રાજ્યોનો સંઘ
Ï અનુચ્છેદ - 2 નવા રાજ્યની રચના અને તેનો સમાવેશ
Ï અનુચ્છેદ - 3 નવા રાજ્યોનું નિર્માણ અને વર્તમાન રાજ્યની સીમામાં પરિવર્તન
Ï અનુચ્છેદ - 4 પહેલા અને ચોથા પરિશિષ્ટના સુધારા વિશેની જોગવાઈ

### <u>ભાગ – 2</u>

Ï અનુચ્છેદ - 5 ભારતના નાગરિક હોવાની જોગવાઈ
Ï અનુચ્છેદ - 6 ભારતીય શાસન અધિનિયમ - 1935 પ્રમાણેની નાગરિકતા સંબંધી જોગવાઈ
Ï અનુચ્છેદ - 7 1 માર્ચ 1947 પછી પાકિસ્તાનમાં સ્થળાંતર કરેલ વ્યક્તિ ભારતનો નાગરિક રહેશે નહીં.
Ï અનુચ્છેદ - 8 કોઈપણ વ્યક્તિ અથવા તેના માતા - પિતા કે દાદા - દાદી કે

નાના નાનીમાંથી કોઈપણ ભારત શાસન અધિનિયમ 1935 પ્રમાણે ભારતમાં જન્મ્યા હોય અને તેમાંથી કોઈપણ વિદેશમાં રહેતાં હોય તો ભારતનો નાગરિક ગણાશે.

- અનુચ્છેદ - 9 કોઈપણ વ્યક્તિ સ્વેચ્છાએ બીજા દેશનું નાગરિકત્વ સ્વીકારે તો તે ભારતનો નાગરિક રહેશે નહીં.
- અનુચ્છેદ - 10 નાગરિકતા હકોનું સાતત્ય
- અનુચ્છેદ - 11 નાગરિકતા સ્વીકાર અને ત્યાગની બાબતમાં સંસદની સત્તાઓ.

**નોંધ :** - ઈ.સ.1955માં ભારતીય સંસદે ભારતીય નાગરિકત્વ ધારો (Indian Citizenship Act) પસાર કરી ભારતમાં નાગરિકતા મેળવવાની પાંચ પ્રકારની રીતો દર્શાવી છે.

1. જન્મ દ્વારા
2. વંશાનુંક્રમ દ્વારા
3. નોંધણી દ્વારા
4. દેશીયકરણ પદ્ધતિ દ્વારા
5. નવા પ્રદેશનો સમાવેશ થાય ત્યારે

## ભાગ - 3

## મૂળભૂત અધિકરો - 12 થી 35

ઈ.સ.1931માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કરાંચી અધિવેશન સ્થિત અધિવેશનમાં સરદાર વલ્લભભાઈ પટેલે મૂળભૂત અધિકારોની માંગણી કરી હતી જયારે જવાહાલાલ નહેરુએ મૂળભૂત અધિકારોનું માળખું તૈયાર કર્યું હતું. શરૂઆતના બંધારણમાં કુલ 7 મૂળભૂત અધિકારો હતા પરંતુ મિલકતના અધિકારને 44મો સુધારો - 1978 દ્વારા કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું. તેથી મૂળભૂત અધિકારોની સંખ્યા 6 થઇ ગઈ. મૂળભૂત અધિકારોના રક્ષણ માટે અનુચ્છેદ 226 હેઠળ કોર્ટમાં રિટ દાખલ કરી શકાય છે. અનુચ્છેદ 359 હેઠળ કટોકટીના સમયે મૂળભૂત અધિકારો મોકૂફ રાખી શકાય છે.

- અનુચ્છેદ - 12 રાજ્યની વ્યાખ્યા
- અનુચ્છેદ - 13 મૂળભૂત અધિકારો સાથે અસંગત હોય તેવા કાયદા

### 1. સમાનતાનો અધિકાર - 14 થી 18

- અનુચ્છેદ - 14 કાયદા સમક્ષ બધા નાગરિકો સમાન છે.
- અનુચ્છેદ - 15 કુવાઓ, તળાવો કે કોઈપણ જાહેર સ્થળે ધર્મ, જ્ઞાતિ, વંશ, લિંગ અથવા જન્મ આધારે ભેદભાવ નહીં રાખવામાં આવે.
- અનુચ્છેદ - 16 જાહેર રોજગારીની બાબતમાં તકની સમાનતા

Ī અનુચ્છેદ - 17 અસ્પૃશ્યતા નાબૂદી
Ī અનુચ્છેદ - 18 ખિતાબો / ઈલ્કાબોની નાબૂદી

## 2. સ્વતંત્રતાનો અધિકાર - 19 થી 22

Ī અનુચ્છેદ - 19 બંધારણ દ્વારા નાગરિકોને છ પ્રકારની સ્વતંત્રતાઓ આપવામાં આવી છે.
Ī અનુચ્છેદ - (એ) વાણી, વિચાર અને અભિવ્યક્તિની સ્વતંત્રતા
Ī અનુચ્છેદ - (બી) હથિયાર વગર સભા ભરવાની સ્વતંત્રતા
Ī અનુચ્છેદ - (સી) સંગઠન બનાવવાની સ્વતંત્રતા
Ī અનુચ્છેદ - (ડી) દેશમાં મુક્તપણે હરવા - ફરવાની સ્વતંત્રતા
Ī અનુચ્છેદ - (ઈ) ભારતના જમ્મુ - કાશ્મીર રાજ્ય સિવાય ક્યાંય પણ રહેઠાણ ધરાવવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતા
(એફ) વ્યવસાય કરવાની સ્વતંત્રતા
Ī અનુચ્છેદ - 20 જીવન જીવવાની સ્વતંત્રતા
(અનુચ્છેદ 20 અને 21 ને કટોકટીના સમયમાં મોકૂફ ન રાખી શકાય.)
Ī અનુચ્છેદ - 21 પ્રાણ અને શરીર સ્વતંત્રતાનું રક્ષણ
Ī અનુચ્છેદ - 22 ધરપકડ સામે સુરક્ષાનો અધિકાર, વ્યક્તિની કારણ વગર ધરપકડ ન કરી શકાય અને ધરપકડ થઇ હોય તો 24 કલાકમાં મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવો જરૂરી છે.

## 3. શોષણ વિરોધી અધિકાર - 22 થી 24

Ī અનુચ્છેદ - 23 માનવવેપાર અને બળજબરીથી મજૂરી કરવા પર પ્રતિબંધ
Ī અનુચ્છેદ - 24 બાળમજૂરી વિરોધી જોગવાઈ. 14 વર્ષથી નીચેની ઉંમરના બાળકને મજૂરી ન કરાવી શકાય.

## 4. ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર - 25 થી 28

Ī અનુચ્છેદ - 25 કોઈપણ ધર્મને માનવાનો તથા પ્રચાર કરવાનો અધિકાર
Ī અનુચ્છેદ - 26 ધર્મની સ્થપના કરવાનો તથા તેની માટે સંપતિનું સર્જન કરી સંચાલન કરવાનો અધિકાર
Ī અનુચ્છેદ - 27 ધાર્મિક દાન ઉઘરાવવાની સ્વતંત્રતા. વ્યક્તિ પોતાની ઈચ્છા હશે તો જદાન આપશે.
Ī અનુચ્છેદ - 28 સરકારી ગ્રાન્ટ મેળવતી શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ ન આપી શકાય.

## 5. સંસ્કૃતિક અને શિક્ષણ સંબંધી અધિકાર - 29 થી 30

Ī અનુચ્છેદ - 29 દરેક નાગરિકને પોતાની ભાષા, લિપિ અને સંસ્કૃતિને ટકાવી રાખવાનો અધિકાર.ધર્મ અને સંસ્કૃતિને આધારે શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ કરતા

રોકી શકશે નહીં.

- અનુચ્છેદ - 30 શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો અને વહીવટ કરવાનો લઘુમતીઓનો અધિકાર
- અનુચ્છેદ - 31 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા 'મિલકતના અધિકારને' રદ કરવામાં આવ્યો.

## 6. બંધારણીય ઈલાજોનો અધિકાર - 32 થી 35

- અનુચ્છેદ - 32 બંધારણીય ઈલાજોનો અધિકાર - આ અધિકારને ડૉ. ભીમરાવ આંબેડકરે 'બંધારણનો આત્મા' કહ્યો છે. આ અધિકારમાં ભારતના નાગરિકોના મૂળભૂત અધિકારનું રક્ષણ કરશે. મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થતું હોય તો વ્યક્તિ કલમ - 226 અંતર્ગત કોર્ટમાં અરજી કરી શકે છે. જેમાં સુપ્રિમ કોર્ટ કે હાઇકોર્ટમાં પાંચ પ્રકારની રીટ દાખલ કરી શકાય છે.

1) પરમાદેશ (Mandamus )

સર્વોચ્ચ અદાલત દ્વારા અધિકારી કે સંસ્થાને આદેશ આપવામાં આવશે કે તેઓ પોતાની ફરજથી દૂર થઇ ગયા છે. અને તે પોતાની ફરજોનું પાલન કરે.

2) બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus)

કોઈ વ્યક્તિને ગેરકાયદેસર ગોંધી રાખ્યો હોય તો કોર્ટ આ રીટ અન્વયે જે તે વ્યક્તિને પોતાની સમક્ષ હાજર કરવાનો અધિકારીને આદેશ આપે છે. જેથી કોર્ટ ધરપકડ થયેલ વ્યક્તિની કાયદેસર તપાસ કરી શકે.

3) પ્રતિબંધ (Prohibition)

સુપ્રિમ કોર્ટ કે વડી અદાલત તેમની નીચેની અદાલતોને કોઈ કેસ નિકાલ માટે મનાઈહુકમ આપે છે. આ પ્રકારનો હુકમ જે તે અદાલતને તેના કાર્યક્ષેત્રની બહાર જતા રોકવાનો છે.

4) ઉત્પ્રેક્ષણ (Certiorari)

જો કોઈ નીચેની અદાલત તેની કાર્યક્ષેત્રની બહાર જઈ કોઈ કેસમાં ચુકાદો આપે ત્યારે સુપ્રિમ કોર્ટ કે હાઇકોર્ટ આ કેસના ચુકાદાને રદ કરવા સર્ટિઓરરિ રીટ આપે છે.

5) અધિકાર પૃચ્છા (Quo - Warranto)

અદાલત કોઈ વ્યક્તિને જાહેર સંસ્થામાં કે કાર્યાલયમાં લાયકાત વગર હોદ્દો ગ્રહણ ન કરે તે માટે 'કવો - વોરંટો' રીટ આવે છે અને અદાલત પૂછે છે કે 'તમે કઈ લાયકાતથી હોદ્દો ગ્રહણ કર્યો છે ?'

- અનુચ્છેદ - 33 આ અધિકારને લાગુ કરવા માટે સંસદની સત્તા

- અનુચ્છેદ - 34 લશ્કરી શાસન વખતે આ ભાગમાં અપાયેલા અધિકારો પર પ્રતિબંધ
- અનુચ્છેદ - 35 આ ભાગની જોગવાઈ લાગુ કરવા માટેના કાયદાઓ

## ભાગ - 4

## રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો - 36 થી 51

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈ આયર્લેન્ડના બંધારણમાંથી લેવા માટે તેજબહાદૂર સ્પ્રુએ ભલામણ કરી હતી. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને જમ્મુ - કાશ્મીરમાં લાગુ કરી શકાતા નથી. તેને કોર્ટમાં પડકારી શકાતા નથી. દરેક રાજ્ય સ્વૈચ્છિક રીતે આ સિદ્ધાંતોનું પાલન કરી શકે છે.

- અનુચ્છેદ - 36 પરિભાષા
- અનુચ્છેદ - 37 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને કોર્ટમાં પડકારી શકાતા નથી.
- અનુચ્છેદ - 38 રાજ્ય જાહેર કલ્યાણ માટે સામાજિક વ્યવસ્થા કરશે.
- અનુચ્છેદ - 39 સમાન ન્યાય અને મફત કાનૂની સલાહ
- અનુચ્છેદ - 40 ગ્રામ પંચાયતની રચના અને અધિકાર
- અનુચ્છેદ - 41 વિકટ પરિસ્થિતિમાં લોકોની સહાય મેળવવાનો રાજ્યને આપેલ અધિકાર
- અનુચ્છેદ - 42 પ્રસૂતિ જેવી બાબતોમાં રાજ્યોની મદદની વ્યવસ્થા
- અનુચ્છેદ - 43 કામદારોનું વેતન અને નિર્વાહ જેવી બાબતો
- અનુચ્છેદ - 43 (ક) ઉદ્યોગોમાં કામદારોની વહીવટી ભાગીદારી
- અનુચ્છેદ - 44 એક સમાન નાગરિક ધારો
- અનુચ્છેદ - 45 રાજ્યની બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ.
- અનુચ્છેદ - 46 SC,ST અને સામાજિક પછાત વર્ગ માટે શિક્ષણ અને વિકાસની રાજયની જવાબદારી છે.
- અનુચ્છેદ - 47 લોકોનું જીવનધોરણ અને આરોગ્ય સુધારવા રાજ્ય પ્રયત્ન કરશે.
- અનુચ્છેદ - 48 ખેતી અને પશુપાલનના/વિકાસની રાજયની જવાબદારી રહેશે.
- અનુચ્છેદ - 48 (ક) પર્યાવરણનું જતન અને રક્ષણ તેમજ જંગલ અને વન્યજીવોની સલામતીની જવાબદારી રાજ્યની રહેશે.
- અનુચ્છેદ - 49 સ્મારકો, અભિલેખાગારો અને મહત્વની રાષ્ટ્રીય વિરાસતના રક્ષણની જવાબદારી રાજયની રહેશે.
- અનુચ્છેદ - 50 ન્યાયતંત્ર અને વહીવટી સત્તાઓ રાજ્ય અલગ કરવા પ્રયત્ન કરશે.
- અનુચ્છેદ - 51 આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે રાજ્ય પ્રયત્ન કરશે.

- અનુચ્છેદ - 51 (ક) **મૂળભૂત ફરજો**

સ્વર્ણસિંહની ભલામણોને આધારે ઈ.સ. 1976માં 42માં સુધારા દ્વારા

ભાગ - 4માં અનુચ્છેદ 51(ક)માં જોગવાઈ કરવામાં આવી. મૂળભૂત ફરજોની જોગવાઈ રશિયામાંથી લીધેલ છે. હાલમાં કુલ 11 મૂળભૂત ફરજો છે.

## ભાગ - 5

### ભારતના રાષ્ટ્રપતિ

- અનુચ્છેદ - 52 રાષ્ટ્રપતિ પદની જોગવાઈ
- અનુચ્છેદ - 53 કેન્દ્રની કારોબારી સત્તાઓ
- અનુચ્છેદ - 54 રાષ્ટ્રપતિની ચૂંટણી
- અનુચ્છેદ - 55 રાષ્ટ્રપતિની ચૂટણીની રીટ
- અનુચ્છેદ - 56 રાષ્ટ્રપતિનો કાર્યકાળ
- અનુચ્છેદ - 57 પુનઃચૂંટાવા માટેની યોગ્યતા
- અનુચ્છેદ - 58 રાષ્ટ્રપતિ બનવા માટેની શરતો
- અનુચ્છેદ - 59 રાષ્ટ્રપતિના પદ માટેની શરતો
- અનુચ્છેદ - 60 રાષ્ટ્રપતિના શપથ
- અનુચ્છેદ - 61 મહાભિયોગ

### રાષ્ટ્રપતિ

અનુચ્છેદ - 52માં રાષ્ટ્રપતિ પદની જોગવાઈ કરેલ છે. રાષ્ટ્રપતિ દેશના વડા છે. કેન્દ્રની તમામ શક્તિ તેમની પાસે છે.

### રાષ્ટ્રપતિની ચૂંટણી

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંસદના બંને ગૃહ લોકસભા અને રાજ્યસભા તથા વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો ભાગ લે છે.

### રાષ્ટ્રપતિની લાયકાતો

- તે ભારતનો નાગરિક હોવા જોઈએ.
- 35 વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ.
- લોકસભાના સભ્ય બની શકે તેટલી યોગ્યતા ધરાવતા હોવા જોઈએ.
- કોઈપણ પ્રકારનો લાભનો હોદ્દો ન ધરાવતા હોવા જોઈએ કે સરકારી કર્મચારી ન હોવા જોઈએ.

### રાષ્ટ્રપતિનો કાર્યકાળ

રાષ્ટ્રપતિનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે. એક વ્યક્તિ ગમે તેટલી વખત રાષ્ટ્રપતિ બની શકે છે. જો રાષ્ટ્રપતિ રાજીનામું આપે, મૃત્યુ પામે અથવા મહાભિયોગ દ્વારા દૂર કરવામાં આવ્યા હોય તો ત્યારથી આગામી પાંચ વર્ષ સુધી રાષ્ટ્રપતિ બની શકે છે.

## રાષ્ટ્રપતિના શપથ

સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શપથ લેવડાવે છે.

## રાષ્ટ્રપતિની સત્તાઓ

### A.નાણાકીય સત્તાઓ

રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે નાણામંત્રી સંસદમાં બજેટ રજૂ કરે છે. સંસદમાં નાણાકીય ખરડો રજૂ કરતા પહેલા રાષ્ટ્રપતિની મંજૂરી લેવી પડે છે. રાષ્ટ્રપતિ નાણાપંચની નિમણૂક કરે છે.

### B.કટોકટીની સત્તાઓ

ભારતીય બંધારણ મુજબ રાષ્ટ્રપતિ ત્રણ પ્રકારની કટોકટી જાહેર કરી શકે છે. જે નીચે મુજબ છે.

- અનુચ્છેદ - 352 યુદ્ધ જેવી પરિસ્થિતિમાં રાષ્ટ્રીય કટોકટી.
- અનુચ્છેદ - 356 ભારતના કોઈપણ રાજ્યમાં તંત્ર નિષ્ફળ જાય ત્યારે રાજ્યની બંધારણીય કટોકટી કે રાષ્ટ્રપતિ શાસન.
- અનુચ્છેદ - 360 આર્થિક સંકટને લીધે નાણાકીય કટોકટી.

### C. નયાયિક સત્તાઓ

સુપ્રિમ કોર્ટે જાહેર કરેલી સત્તાને સ્થગિત કરી શકે છે, પરિવર્તન કરી શકે છે કે તેને માફ કરી શકે છે. તેઓ સર્વોચ્ચ અદાલતની સલાહ લે છે. ફાંસીની સજા પામેલા ગુનેગારોને દયા આપી શકે છે.

### D. ધારાકીય સત્તાઓ

રાષ્ટ્રપતિ સંસદનું સંયુક્ત સત્ર બોલાવી શકે છે. અનુચ્છેદ - 85 અન્વયે લોકસભાનો ભંગ કરી શકે છે. કોઈપણ ખરડો લોકસભાના અને રાજ્યસભામાંથી પસાર થાય ત્યારે જ રાષ્ટ્રપતિની સહીથી કાયદો બને છે.સંસદનું સત્ર ચાલુ ન હોય તે સમયે તાત્કાલિક કાયદો બનાવાવવાની જરૂર પડે ત્યારે વટહુકમ બહાર પાડી શકે છે. બંધારણમાં આપેલ મૂળભૂત ફરજો - અધિકારોને સ્થગિત કરવાની સત્તા ધરાવે છે. નવા રાજ્યની રચના કે તેની સીમામાં વધારો કે ઘટાડો કરી શકે છે. લોકભાના પ્રથમ સત્રને સંબોધિત કરી શકે છે. લોકસભમાં 2 એંગ્લો - ઇન્ડિયન અને રાજ્યસભાના 12 સભ્યોની નિમણૂક કરે છે.

### E. રાજનૈતિક સત્તાઓ

તેઓ આંતરરાષ્ટ્રીય ફોરમમાં ભારતનું પ્રતિનિધત્વ કરે છે. વિદેશમાં રાજદૂતો મોકલે છે. બીજા દેશોના રાજદૂતોને ભારતમાં આવકારે છે. તમામ આંતરરાષ્ટ્રીય કરારો અને સંધિ તેમના નામથી થાય છે.

### F. લશકરી સત્તાઓ

સેનાની ત્રણેય પાંખના વડા છે. યુદ્ધ કે શાંતિ જાહેર કરી શકે છે.

G. <u>કારોબારી સત્તાઓ</u>

દેશનો તમામ વહીવટ રાષ્ટ્રપતિના નામથી ચાલે છે. રાષ્ટ્રપતિ વડાપ્રધાન અને મંત્રીમંડળની નિમણૂક કરે છે. રાજ્યપાલ, સુપ્રિમકોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશ, રાજદૂતો, એટર્ની જનરલ, CAG (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ) મુખ્ય ચૂંટણી કમિશ્નર, ભાષા પંચના સભ્યો, કેન્દ્રીય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્ય, નાણાપંચના સભ્યો, કેંદ્રશાસિત પ્રદેશોના ચીફ કમિશ્નરની રાજ્યપાલની ભલામણથી નિમણૂક કરે છે.

H.<u>રાષ્ટ્રપતિની વીટો શક્તિ</u>

રાષ્ટ્રપતિને ત્રણ પ્રકારની વીટો શક્તિ મળે છે.

1.<u>એબ્સોલ્યુટ વીટો</u>

આ વીટો રાષ્ટ્રપતિ કોઈ વિધેયકને મંજૂરી નથી આપતા અને તેની મંજૂરી સુરક્ષિત રાખે છે.

2.<u>સસ્પેન્સ વીટો</u>

રાષ્ટ્રપતિ કોઈપણ વિધેયકને ફરી વિચારણા માટે સંસદને મોકલી આપે છે.

3.<u>પોકેટ વીટો</u>

પોકેટ વીટોનો સૌપ્રથમ ઉપયોગ જ્ઞાની ઝૈલસિંહે કર્યો હતો. આ વીટો પાવર દ્વારા રાષ્ટ્રપતિ કોઈપણ વિધેયકને મંજૂરી નથી આપતા તથા વિધેયકને મંજૂરી આપવાની ના પણ નથી પાડતા અને સંસદ પાસે ફેર વિચારણા માટે મોકલતા પણ નથી.

## <u>રાષ્ટ્રપતિ પર મહાભિયોગ</u>

અનુચ્છેદ - 61 મુજબ રાષ્ટ્રપતિ પદ પરથી દૂર કરી શકાય છે. બંધારણના ઉલ્લંઘન કે રાજદ્રોહ જેવા ગુના બદલ સંસદમાં લોકસભા અને રાજ્યસભામાંથી કોઈપણ ગૃહના $\frac{1}{4}$ સભ્યોની સહી દ્વારા રાષ્ટ્રપતિને મહાભિયોગથી દૂર કરી શકાય છે. સંસદને જે ગૃહ દ્વારા મહાભિયોગ લાવવાનો હોય તેના 14 દિવસ પહેલા રાષ્ટ્રપતિને લેખિત સૂચના આપવી પડે છે. બીજું ગૃહ રાષ્ટ્રપતિ પર લાગેલ ગુનાની તપાસ કરશે અને ગુનો સાબિત થશે તો તે ગૃહના 2/3 સભ્યો દ્વારા પ્રસ્તાવ પસાર કરી રાષ્ટ્રપતિને દૂર કરી શકશે.

## <u>ભારતના રાષ્ટ્રપતિઓની યાદી</u>

| ક્રમ | વર્ષ | નામ |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1 | 1950 - 1962 | ડૉ.રાજેન્દ્ર પ્રસાદ |
| 2 | 1962 - 1967 | ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન |
| 3 | 1967 - 1969 | ડૉ.ઝાકીર હુસૈન |
| 4 | 1960 - 1974 | વી.વી.ગીરી |
| 5 | 1974 - 1977 | ડૉ.ફકરૂદીન અલી અહેમદ |
| 6 | 1977 - 1982 | નીલમ સંજીવ રેડ્ડી |
| 7 | 1982 - 1987 | જ્ઞાની ઝૈલસિંહ |
| 8 | 1987 - 1992 | ડૉ.આર.વેંકટરમણ |
| 9 | 1992 - 1997 | ડૉ. શંકરદયાળ શર્મા |
| 10 | 1997 - 2002 | ડૉ.કે.આર.નારાયણ |
| 11 | 2002 - 2007 | ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ |
| 12 | 2007 - 2012 | પ્રતિભા દેવીસિંહ પાટિલ |
| 13 | 2012 થી........ | પ્રણવ મુખરજી |

**રાષ્ટ્રપતિ વિશે ટૂંકમાં પરિચય**

1. ડૉ.રાજેન્દ્ર પ્રસાદ (1950 - 1962)
   - તેઓ સૌથી વધુ 12 વર્ષ રાષ્ટ્રપતિના હોદ્દા પર રહ્યા હતા.
   - તેઓ 'બિહારના ગાંધી' તરીકે ઓળખાય છે.
   - ઈ.સ.1962માં તેમને 'ભારતરત્ન' પુરસ્કાર મળ્યો હતો.
   - ઈ.સ.1934માં મુંબઈ કોંગ્રેસ અધિવેશનના અધ્યક્ષ હતા.

2. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન (1962 - 1967)
   - તેઓ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ હતા.
   - તેઓ સૌથી વધારે સમય સુધી ઉપરાષ્ટ્રપતિ પદે રહ્યા હતા.
   - ઈ.સ.1954માં 'ભારતરત્ન' થી સન્માનિત કરાયા હતા.
   - ભારતરત્ન મેળવનાર પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તેમજ ભારતના પ્રથમ વ્યક્તિ હતા.
   - તેઓ શિક્ષકમાંથી રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચ્યા હતા.
   - તેમના જન્મ દિવસ 5 સપ્ટેમ્બરને 'શિક્ષક દિવસ' તરીકે ઉજવાય છે.

3. ડૉ.ઝાકીર હુસૈન (1967 - 1969)

- ɷ તેઓ સૌથી ઓછા સમય માટે રાષ્ટ્રપતિ પદે રહ્યા હતા.
- ɷ ભારતના પ્રથમ મુસ્લિમ રાષ્ટ્રપતિ હતા.
- ઈ.સ.1963માં તેમને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

4. વી.વી.ગીરી (1960 - 1974)
- વી.વી.ગીરી દેશના પ્રથમ કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા હતા.
- ઉપરાષ્ટ્રપતિ પદે તેઓ સૌથી ઓછા સમય સુધી રહ્યા હતા.
- ઈ.સ.1975માં 'ભારત રત્ન'થી સન્માનિત કરાયા હતા.
- ɷ સ્વતંત્ર ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા.
- પત્રકાર ખુશવંતસિંહે તેમને દુર્બળ રાષ્ટ્રપતિ કહ્યા હતા.

5. ડૉ.ફકરૂદીન અલી અહેમદ (1974 - 1977)
- â તેમણે ભારતમાં પ્રથમવાર કટોકટીની ઘોષણા કરી હતી.

6. નીલમ સંજીવ રેડ્ડી (1977 - 1982)
- ભારતના પ્રથમ બિનહરીફ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા હતા.
- તેઓ બે વખત લોકસભા અધ્યક્ષ પદે રહી ચૂક્યા હતા.
- નીલમ સંજીવ રેડ્ડી નાની વયે રાષ્ટ્રપતિ બન્યા હતા.

7. જ્ઞાની ઝૈલસિંહ (1982 - 1987)
- ઇન્દિરા ગાંધીની હત્યા થઇ ત્યારે રાષ્ટ્રપતિ હતા.
- પોકેટ વિટોનો ઉપયોગ કરનાર પ્રથમ રાષ્ટ્રપતિ હતા.
- જ્ઞાની ઝૈલસિંહ પ્રથમ શીખ રાષ્ટ્રપતિ હતા.

8. ડૉ.આર.વેંકટરમણ (1987 - 1992)
- તેઓ પ્રખર અર્થશાસ્ત્રી હતા.
- તેમના કાર્યકાળ દરમિયાન ચાર વડાપ્રધાન બદલાઈ ગયા હતા.
  - I. રાજીવ ગાંધી (1984 થી 1989)
  - Ii. વિશ્વનાથ પ્રતાપસિંહ (1989 થી 1990)
  - Iii.ચંદ્રશેખર (1990 થી 1991)
  - Iv.પી.વી.નરસિંહરાવ (1991 થી 1996)

9. ડૉ. શંકરદયાળ શર્મા (1992 - 1997)
- તેઓ જીવતા હતા છતાં તેમના મૃત્યુની અફવા ફેલાઈ હતી.
- તેઓ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદે રહી ગયા છે.

10. ડૉ.કે.આર.નારાયણ (1997 - 2002)
- સૌપ્રથમ અનુસૂચિત જાતિના રાષ્ટ્રપતિ બન્યા હતા.
- સૌથી વધુ મતોથી ચૂંટાઈ આવ્યા હતા.

11. ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ (2002 - 2007)

- તેમનું પૂરું નામ અવુલ પકીર જીનુલાબદિન અબ્દુલ કલમ હતું.
- તેમનો જન્મ તમિલનાડુના રામેશ્વરમમાં થયો હતો.
- ઈ.સ.1997માં 'ભારત રત્ન' એનાયત થયો હતો.
- લક્ષ્મી સહગલને હરાવી રાષ્ટ્રપતિ બન્યા હતા.

12. પ્રતિભા દેવીસિહ પાટિલ (2007 - 2012)

- રાજસ્થાનના રાજ્યપાલ બનનાર તેઓ પ્રથમ મહિલા હતા.
- ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા હતા.
- ભૈરવસિંહ શેખાવતને હરાવી રાષ્ટ્રપતિ બન્યા હતા.

13. પ્રણવ મુખરજી (2012 થી........)

- ઈ.સ. 2009 થી 2012 કોંગ્રેસના શાસનકાળ દરમિયાન કેન્દ્રીય નાણામંત્રી રહ્યા હતા.
- ઈ.સ.2004 થી 2006 સુધી મનમોહનસિંહની સરકારમાં સંરક્ષણમંત્રી રહ્યા હતા.
- વડાપ્રધાન પી.વી.નરસિંહરાવના સમયમાં આયોજન પંચના ઉપાધ્યક્ષ હતા.

## વડાપ્રધાન

- અનુચ્છેદ - 74 રાષ્ટ્રપતિને સલાહ આપવા કેન્દ્રીય મંત્રીમંડળ
- અનુચ્છેદ - 75 બહુમતી ધરાવતા પક્ષના નેતા તરીકે વડાપ્રધાનની નિમણૂક
- અનુચ્છેદ - 76 ભારતના એટર્ની જનરલ
- અનુચ્છેદ - 77 ભારત સરકારના કાર્યનું સંચાલન
- અનુચ્છેદ - 78 વડાપ્રધાનની ફરજોનું વર્ણન

## કેન્દ્રીય મંત્રીમંડળ

- રાષ્ટ્રપતિને સલાહ આપવા અને સહાય કરવા માટે વડાપ્રધાનની આગેવાની નીચે પ્રધાનોનું એક મંત્રીમંડળ હોય છે.
- રાષ્ટ્રપતિ અનુચ્છેદ 75 અન્વયે વડાપ્રધાનની નિમણૂક કરે છે અને વડાપ્રધાનની ભલામણથી રાષ્ટ્રપતિ બીજા મંત્રીઓને નીમે છે.
- સંસદ સભ્ય ન હોય તો પણ વડાપ્રધાનની સલાહથી રાષ્ટ્રપતિ મંત્રી તરીકે નિમણૂક કરે છે. પરંતુ તે મંત્રીએ 6 માસમાં ચૂંટાવું પડે છે.
- લોકસભામાં બહુમતી ધરવતા પક્ષમાં અધ્યક્ષને રાષ્ટ્રપતિ બનાવવા આમંત્રણ મોકલે છે અને વડાપ્રધાન તરીકે શપથ લેવડાવે છે.

- મંત્રીમંડળમાં વડાપ્રધાન ઉપરાંત કેબિનેટ મંત્રી, રાજ્યકક્ષાના રાજ્યમંત્રી અને નાયબ મંત્રી હોય છે.

<u>કેબિનેટ મંત્રી</u> - તેઓ જે તે મંત્રાલયના વડા છે. દા.ત. રેલવે મંત્રાલય

<u>રાજ્યકક્ષાના મંત્રી</u> - મંત્રીમંડળની બેઠકમાં તેમનો સમાવેશ થતો નથી પરંતુ આમંત્રણ મોકલે તો બેઠકમાં ભાગ લઇ શકે છે. તેમને કોઈપણ વિભાગનો સ્વતંત્ર હવાલો અપાતો હોય છે.

<u>નાયબકક્ષાના મંત્રી</u> - રાજ્યકક્ષાની નીચેના મંત્રી છે. તેઓ માત્ર વહીવટી કામગીરી સંભાળે છે.

- વડાપ્રધાન (નીતિ પંચ)ના હોદ્દાની રૂએ અધ્યક્ષ હોય છે.
- અનુચ્છેદ 74 (ક) મુજબ વડાપ્રધાનનું મૃત્યુ થાય અથવા પોતે રાજીનામું આપે ત્યારે સમગ્ર મંત્રીમંડળ વિખેરાઈ જાય છે.

## <u>ભારતના વડાપ્રધાનોની યાદી</u>

| ક્રમ | વર્ષ | નામ |
|---|---|---|
| 1 | 1947 - 1964 | જવાહલાલ નહેરુ |
| 2 | 1964 - 1964 | ગુલઝારીલાલ નંદા(કાર્યકરી) |
| 3 | 1964 - 1966 | લાલબહાદુર શાસ્ત્રી |
| 4 | 1966 - 1966 | ગુલઝારીલાલ નંદા(કાર્યકરી) |
| 5 | 1966 - 1977 | ઇન્દિરા ગાંધી |
| 6 | 1977 - 1979 | મોરારજી દેસાઈ |
| 7 | 1979 - 1980 | ચૌધરી ચરણસિંહ |
| 8 | 1980 - 1984 | ઇન્દિરા ગાંધી |
| 9 | 1984 - 1989 | રાજીવ ગાંધી |
| 10 | 1989 - 1990 | વિશ્વનાથ પ્રતાપસિંહ |
| 11 | 1990 - 1991 | ચંદ્રશેખર |
| 12 | 1991 - 1996 | પી.વી.નરસિંહરાવ |

| | | |
|---|---|---|
| 13 | 1996 - 1996 | અટલ બિહારી વાજપેયી |
| 14 | 1996 - 1997 | એચ.ડી.દેવગૌડા |
| 15 | 1997 - 1998 | આઈ.કે.ગુજરાલ |
| 16 | 1998 - 1999 | અટલ બિહારી વાજપેયી |
| 17 | 1999 - 2004 | અટલ બિહારી વાજપેયી |
| 18 | 2004 -2014 | ડૉ.મનમોહનસિંહ |
| 19 | 26 મે 2014 ........................ | નરેન્દ્ર દામોદરદાસ મોદી |

## ભારતના વડાપ્રધાનો વિશે ટૂંકો પરીચય

### 1. જવાહલાલ નહેરુ

- ભારતના પ્રથમ વડાપ્રધાન અને હોદ્દાની રૂએ આયોજન પંચના પ્રથમ અધ્યક્ષ હતા.
- સૌથી વધુ સમય સુધી વડાપ્રધાન પદે રહ્યા હતા.
- હોદ્દા પર અવસાન થયું હોય તેવા પ્રથમ વડાપ્રધાન હતા.
- તેમના સમયગાળામાં ભારતમાં પંચાયતી રાજની શરૂઆત થઇ.
- તેમણે 'આરામ હરામ હૈ'નું સૂત્ર આપ્યું હતું.
- વિશ્વના દેશો સમક્ષ સૌપ્રથમ બિનજોડાણવાદી નીતિ રજુ કરી હતી.
- તેમના જન્મ દિવસ 14 નવેમ્બરને 'બાલ દિન' તરીકે મનાવવામાં આવે છે.
- યમુના નદીના કિનારે 'શાંતિવન' તેમનું સમાધિસ્થળ છે.

### 2.ગુલઝારીલાલ નંદા(કાર્યકરી)

- જવાહરલાલ નહેરુનું અવસાન થતા સૌપ્રથમ કાર્યકારી વડાપ્રધાન બન્યા.
- ઈ.સ.1966માં લાલબહાદુર શાસ્ત્રીનું અવસાન થતા બીજી વખત કાર્યકારી વડાપ્રધાન બન્યા હતા.
- 'ભારત રત્ન' મેળવનાર સૌથી મોટી ઉંમરના વડાપ્રધાન હતા.

### 3. લાલબહાદુર શાસ્ત્રી

- મરણોપરાંત 'ભારત રત્ન' મેળવનાર પ્રથમ વડાપ્રધાન હતા.
- લાલબહાદુર શાસ્ત્રીના સમયગાળા દરમિયાન ભારત અને એશિયા વચ્ચે 'તાશ્કંદ કરાર' થયા હતા.
- લાલબહાદુર શાસ્ત્રી ક્રિકેટ સ્ટેડિયમ હૈદરાબાદમાં આવેલું છે.

- લાલબહાદુર શાસ્ત્રી એરપોર્ટ વારાણસીમાં આવેલું છે.
- તેમના કાર્યકાળ દરમિયાન એન.ડી.ડી.બી.ની સ્થાપના થઇ હતી.
- તેમણે 'જય જવાન, જય કિસાન'નો નારો આપ્યો હતો.
- લાલબહાદુર શાસ્ત્રી આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર મસૂરી (ઉતરાખંડ)માં આવેલું છે.
- તેમનું સમાધિસ્થળ 'વિજયઘાટ' તરીકે ઓળખાય છે જે દિલ્લીમાં આવેલું છે.

## 4. ઇન્દિરા ગાંધી

- ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન હતા.
- તેમણે દેશમાં સૌપ્રથમ વખત કટોકટી લાદી હતી.
- સૌપ્રથમ 'ભારત રત્ન' મેળવનાર સ્ત્રી વડાપ્રધાન હતા.
- ભારતમાં પ્રથમ વખત હત્યા થઇ હોય તેવા વડાપ્રધાન હતા.
- તેમણે 'ભારત રત્ન' પુરસ્કાર પર પ્રતિબંધ લગાવ્યો હતો.
- તેમના શાસનકાળમાં બંધારણમાં સૌથી વધારે સુધારા કરવામાં આવ્યા હતા.
- ઈ.સ.1971માં બાંગ્લાદેશની રચનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
- ઇન્દિરા ગાંધી ઇન્ટર નેશનલ એરપોર્ટ નવી દિલ્લીમાં આવેલું છે.
- ઈ.સ.1969માં 14 બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે 'શિમલા કરાર' થયા હતા.
- ઈ.સ.1984માં પંજાબના સુવર્ણમંદિરમાં ઘુસેલા આતંકવાદીઓનો ખાત્મો કરવા ઓપરેશન 'બ્લ્યુ સ્ટાર' ચલાવ્યું હતું.
- દિલ્લી ખાતે આવેલ 'શક્તિ સ્થળ' તેનું સમાધિ સ્થળ છે.

## 5. મોરારજી દેસાઈ

- પોતાની હોદ્દાની મુદત પૂરી થતા પહેલા રાજીનામું આપ્યું હતું.
- દેશના પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા.
- તેમનો જન્મ વલસાડ જિલ્લાના માડેલી ગામમાં થયો હતો.
- મોરારજી દેસાઈના શાસનકાળમાં લોકસભાની મુદત 6 વર્ષમાંથી ઘટાડીને 5 વર્ષ કરવામાં આવી હતી.
- તેમણે 'અભય બનો, નીડર બનો'નું સૂત્ર આપ્યું હતું.
- પાકિસ્તાન દ્વારા 'નિશાન એ પાકિસ્તાન' એવોર્ડ મળ્યો હતો.
- 1991માં 'ભારત રત્ન' પુરસ્કાર મળ્યો હતો.
- અમદાવાદ ખાતે 'અભયઘાટ' તેમનું સમાધિ સ્થળ છે.

## 6. ચૌધરી ચરણસિંહ

- ભારતમાં લઘુમતી સરકારના પ્રથમ વડાપ્રધાન બન્યા હતા.
- ચૌધરી ચરણસિંહે સંસદનો એકપણ વખત સામનો કર્યો ન હતો.
- ચૌધરી ચરણસિંહે લોકસભાનું સત્ર પૂરું થાય તે પહેલા રાજીનામું આપ્યું હતું.
- ચૌધરી ચરણસિંહ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ લખનૌમાં આવેલું છે.
- તેમના જન્મદિવસ 23 ડીસેમ્બરને 'રાષ્ટ્રીય ખેડૂત દિવસ' તરીકે મનાવવામાં આવે છે.

## 7. રાજીવ ગાંધી

- તેઓ સૌથી નાની ઉંમરે વડાપ્રધાન બન્યા હતા.
- તેમના સમયમાં મતદારની ઉંમર 21 વર્ષમાંથી ઘટાડીને 18 વર્ષની કરવામાં આવી હતી.
- પક્ષપલટા વિરોધી ધારો - 1985 તેમના સમયમાં ઘડાયો હતો.
- ઈ.સ.1991માં 'ભારત રત્ન' એનાયત થયો હતો.
- 'વીરભૂમિ' તેમનું સમાધિસ્થળ છે.

## 8. વિશ્વનાથ પ્રતાપસિંહ

- ભારતીય સંસદમાં સૌપ્રથમ વિશ્વાસનો મત ન મેળવી શકનાર વડાપ્રધાન હતા.

## 9.ચંદ્રશેખર

- સમાજવાદી જનતા પાર્ટીના પ્રથમ વડાપ્રધાન હતા.

## 10.પી.વી.નરસિંહરાવ

- ભારતીય અર્થતંત્ર સુધારાના પિતા તરીકે ઓળખાય છે.
- ઈ.સ.1992માં બાબરી મસ્જિદ ધ્વંસ સમયે વડાપ્રધાન હતા.
- તેમના સમયગાળામાં ઈ.સ.1992માં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની નીતિ લાગુ કરાઈ.

## 11.અટલ બિહારી વાજપેયી

- તેઓ 'કવિ હૃદયી' નેતા હતા.
- સૌથી ઓછા સમય 13 દિવસ સુધી વડાપ્રધાનપદે રહી ચૂકયા હતા.
- ફક્ત એક જ મતથી વિશ્વાસનો મત હારી ગયા હતા.
- તેમણે જનસંઘનું નામ બદલીને 'ભાજપ' કરી નાખ્યું હતું.
- 1998માં રાજસ્થાનના પોખરણમાં અણુધડાકા કરાયા હતા.
- ઈ.સ.1999માં પાકિસ્તાન સામેના કારગિલ યુદ્ધમાં 'ઓપરેશન વિજય' ચલાવી જીત મેળવી.
- 2001માં સંસદ પર હુમલો અને 2002માં ગોધરાકાંડ વખતે તેઓ વડાપ્રધાન પદે હતા.
- 2001માં 'સર્વશિક્ષા અભિયાન'ની શરૂઆત કરી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં હિન્દીમાં ભાષણ કરનાર પ્રથમ વડાપ્રધાન હતા.

## 12. એચ.ડી.દેવગૌડા

- કર્ણાટકના મુખ્યમંત્રી પદે રહી ચુક્યા હતા.
- 'ધરતીપુત્ર' તરીકે ઓળખાય છે.

## 13. આઈ.કે.ગુજરાલ

- 1980માં કોંગ્રેસમાંથી રાજીનામું આપી જનસંઘમાં જોડાયા હતા.
- પાડોશી દેશો સાથે સારો વ્યવહાર કરવા 'ડોક્ટ્રાઇન થિયરી' આપી હતી.

## 14. ડૉ.મનમોહનસિંહ

- ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર રહી ચુક્યા છે.
- આયોજન પંચના ઉપાધ્યક્ષ રહી ગયા છે .
- પી.વી.નરસિંહરાવની સરકારમાં નાણામંત્રી રહી ચૂકયા છે.
- રાજ્યસભામાં આસામથી ચૂંટાય છે.
- ઈ.સ.2005માં સેલ્સ ટેક્સના સ્થાને વેલ્યુ એડેટ ટેક્સ - VAT ની શરૂઆત કરી.
- તેમના સમયગાળામાં જ આધાર કાર્ડ યોજના દાખલ થઇ હતી.
- વિશ્વમાં સૌથી મોટી યોજના 'ખાદ્ય સુરક્ષા ધારો' પસાર કર્યો હતો.
- કોલસા કૌભાંડ, ટુ-જી, કોમનવેલ્થ તેમના સમયગાળામાં થયું હતું.

## 15.નરેન્દ્ર દામોદરદાસ મોદી

- તેમનો જન્મ વડનગરમાં થયો હતો. ત્રીજા ગુજરાતી વડાપ્રધાન બન્યા હતા. તેમના શાસનકાળમાં 'બ્રિકસ બેન્ક' ની સ્થાપનાની જાહેરાત થઇ હતી.
- 1 લાખ કરોડ રૂ.ના કાર્યક્રમ 'ડીજીટલ ઇન્ડિયા'ને મંજૂરી આપી હતી.
- 30 ઓગસ્ટ 2014ના રોજ 'જન ધન યોજના'નો પ્રારંભ કર્યો.
- 26 સપ્ટેમ્બર 2014ના દિવસે તેમણે 'મેક ઇન ઇન્ડિયા' યોજના લોન્ચ કરી.
- 6 ઓકટોબર 2014ના દિવસે પ્રથમ વખત દેશવાસીઓએને 'મન કી બાત'ના માધ્યમથી સંબોધન કર્યું.
- 12 ઓક્ટોબર 2014ના દિવસે 'સંસદ આદર્શ ગ્રામ યોજના'ની શરૂઆત કરી.
- 17 ઓક્ટોબર 2014ના રોજ 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે' યોજનાનો પ્રારંભ કર્યો.
- 31 ઓક્ટોબર 2014ના રોજ સરદાર પટેલની 139મી જન્મ જયંતિના દિવસે રાષ્ટ્રવ્યાપી મેરેથોન દોડનું આયોજન કર્યું.
- 12 નવેમ્બર 2014ના રોજ ડીજીટલ જીવન પ્રમાણપત્રની સુવિધા 'જીવન પ્રમાણ' શરૂ કરી.
- 25 ડીસેમ્બરને અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસને 'રાષ્ટ્રીય સુશાસન દિવસ' (ગુડ ગવર્નસ ડે) ઉજવવાની જાહેરાત કરાઈ.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાષણ કરનાર બીજા વડાપ્રધાન હતા.
- 26 જાન્યુઆરી 2015ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતના નાયબ વડાપ્રધાનો

ભારતીય બંધારણમાં 'નાયબ વડાપ્રધાન'ની જોગવાઈ કરવામાં આવી નથી. પરંતુ અત્યાર સુધી કુલ 6 નાયબ વડાપ્રધાન રહી ચુક્યા છે.

| ક્રમ | નાયબ વડાપ્રધાન | વડાપ્રધાન |
|---|---|---|
| 1 | સરદાર વલ્લભભાઈ પટેલ | જવાહરલાલ નહેરુ |
| 2 | મોરારજી દેસાઈ | ઇન્દિરા ગાંધી |
| 3 | ચૌધરી ચરણસિંહ | મોરારજી દેસાઈ |
| 4 | જગજીવનરામ | ચૌધરી ચરણસિંહ |
| 5 | ચૌધરી દેવીલાલ | વી.પી.સિંહ અને ચંદ્રશેખર |
| 6 | લાલકૃષ્ણ અડવાણી | અટલ બિહારી વાજપેયી |

## એટર્ની જનરલ

રાષ્ટ્રપતિ અનુચ્છેદ 76 અન્વયે ભારતના એટર્ની જનરલની નિમણૂક કરે છે. એટર્ની જનરલ કેંદ્ર સરકારના કાયદાકીય સલાહકાર છે. તેઓ સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ બની શકે તેટલી યોગ્યતા ધરાવતા હોવા જોઈએ. ગૃહનો સભ્ય ન હોવા છતાં સંસદના બંને ગૃહમાં બોલી શકે છે. પરંતુ સંસદના કોઈપણ ગૃહમાં ભાગ લઇ શકતા નથી. એટર્ની જનરલની મદદ માટે સોલીસિટર જનરલ અને એડિશનલ સોલિસિટર જનરલ હોય છે.

- ભારતના પ્રથમ એટર્ની જનરલ એમ.સી.સેતલવાડ હતા.
- ભારતના હાલના એટર્ની જનરલ મુકુલ રોહતગી (14મો ક્રમ) છે.
- ભારતના હાલના સોલીસિટર જનરલ રણજીત કુમાર છે.
- ભારતના હાલના એડિશનલ સોલિસિટર જનરલ એલ.નાગેશ્વર રાવ છે.

## ભારતીય સંસદ

- અનુચ્છેદ - 79 રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભાની બનેલી સંસદ
- અનુચ્છેદ - 80 રાજ્યસભાની રચના
- અનુચ્છેદ - 81 લોકસભાની રચના
- અનુચ્છેદ - 82 લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ

## ભારતીય સંસદ વિશે ટૂંકમાં

- ભારતીય સંસદની પ્રથમ બેઠક 1952માં 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા' ગીત સરોજીની નાયડુએ ગાયું હતું.
- ભારતીય સંસદના પ્રત્યેક અધિવેશનની શરૂઆત 'વંદે માતરમ્' ગીતથી થાય છે.
- સંસદની પ્રથમ સંયુક્ત બેઠક 1963માં 'દહેજ પ્રતિબંધક ધારો' માટે બોલાવવામાં આવી હતી.
- સંસદની સંયુક્ત બેઠકનું સંચાલન લોકસભાના અધ્યક્ષ કરે છે.
- સંસદને બંધારણમાં ફેરફાર કરવાની સત્તા આપવામાં આવી છે.
- સંસદના બે ગૃહ છે. ઉપલા ગૃહને રાજ્યસભા અને નીચલા ગૃહને લોકસભા કહે છે.

## રાજ્યસભા (કલમ - 80)

સંસદના ઉપલાગૃહને રાજ્યસભા કહે છે. જેની વધુમાં વધુ સભ્ય સંખ્યા 250 છે. જેમાંથી 12 સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સમાજસેવા, શિક્ષણ, સાહિત્ય, સંગીત, કલા, વિજ્ઞાન વગેરે ક્ષેત્રોમાં વિશિષ્ટયોગદાન બદલ કરે છે. રાજ્યસભા એ કાયમી ગૃહ છે. દર બે વર્ષે 1/3 સભ્યો નિવૃત થાય છે. રાજ્યસભાના અધ્યક્ષ ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ બને છે. રાજ્યસભાના સભ્ય બનવા માટે 30 વર્ષની ઉંમર હોવી જોઈએ. રાજ્યસભા અખિલ ભારતીય સેવાઓનું સર્જન કરે છે.

- 'રાજ્યસભા'માં બધા રાજ્યોનું પ્રતિનિધિત્વ હોવાથી અખિલ ભારતીય સંસ્થા કહેવાય છે.
- રાજ્યસભાની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળવી જોઈએ.
- ડૉ.રાધાકૃષ્ણન રાજ્યસભાના પ્રથમ અધ્યક્ષ હતા અને હાલમાં મહમદ હામીદ અંસારી રાજ્યસભાના અધ્યક્ષ છે.
- રાજ્યસભાના ઉપાધ્યક્ષની નિમણૂક રાજ્યસભાના સભ્યો દ્વારા કરાય છે.
- રાજ્યસભામાં કોરમ માટે ઓછામાં ઓછા 25 સભ્યોની હાજરી જરૂરી છે.
- ઉપરાષ્ટ્રપતિની ગેરહાજરીમા રાજ્યસભાનું સંચાલન રાજયસભાના ઉપાધ્યક્ષ કરે છે.
- રાજ્યસભામાં સૌથી વધારે પ્રતિનિધિત્વ ઉત્તરપ્રદેશ (31 બેઠક) રાજ્યનું છે.
- રાજ્યસભાના પ્રથમ સ્ત્રી સાંસદ નરગીસ દત્ત હતા.
- અત્યાર સુધી માત્ર 3 વખત જ સંયુક્ત સત્ર યોજાયું હતું. છેલ્લી વખતે ત્રાસવાદ વિરોધી 'પોટા'નો ખરડો પસાર કરવા માટે સંયુક્ત સત્ર યોજાયું હતું.

## લોકસભા (કલમ - 81)

- લોકસભા એ ભારતના સંસદનું નીચલું ગૃહ છે.
- ભારતીય બંધારણ પ્રમાણે લોકસભામાં વધુમાં વધુ 552 સભ્યો હોઈ શકે છે. હાલમાં લોકસભાના સભ્યની સંખ્યા 545 છે.
- લોકસભામાં એંગ્લો ઇન્ડિયનની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરાય છે. તેથી કુલ 543 સભ્યોની ચૂંટણી પ્રત્યક્ષ મતદાનથી થાય છે.
- લોકસભાનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે. રાષ્ટ્રીય કટોકટી વખતે કાર્યકાળ 1 વર્ષ જેટલો લંબાવી શકાય છે.
- બંધારણમાં લોકસભાના અધ્યક્ષના હોદ્દાની જોગવાઈ કરવામાં આવી નથી.

- નાણાકીય ખરડો સૌપ્રથમ લોકસભામાં રજૂ કરાય છે.
- લોકસભાની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળવી જોઈએ.
- કોઈપણ વિધેયક નાણા વિધેયક છે કે નહિં તે લોકસભાના અધ્યક્ષ નક્કી કરે છે .
- લોકસભાના વિપક્ષના નેતાને કેબિનેટ કક્ષાનો દરજ્જો આપવામાં આવે છે.
- લોકસભાના અધ્યક્ષને 14 દિવસ પૂર્વે સૂચના આપી 2/3 મતો દ્વારા પ્રસ્તાવ પસાર કરી બહુમતીથી દુર કરી શકાય છે.
- હાલની લોકસભાની સભ્ય સંખ્યા ઈ.સ.2026સુધી બદલી શકાશે નહી.
- ભારતીય લોકસભાના પ્રથમ સ્ત્રી સાંસદ રાધાજી સુબ્રમણ્યમ હતા.

## લોકસભાના અધ્યક્ષ

- લોકસભાના અધ્યક્ષ બનવા માટે 25 વર્ષની ઉંમર હોવી જોઈએ.
- લોકસભાના અધ્યક્ષ સભ્યોને સંસદમાં બોલવાની પરવાનગી આપે છે.
- સંસદના બંને ગૃહમાં કોઈપણ પ્રશ્નોના નિર્ણય માટે મતદાન કરતાં જો બંને પક્ષે સરખા મત પડે ત્યારે નિર્ણાયક મત આપવાનો અધિકાર લોકસભાના અધ્યક્ષને છે.
- લોકસભાના અધ્યક્ષને લોકસભામાં 'રાજનૈતિક' પક્ષોને કે જૂથોને માન્યતા આપવાનો, કોઇપણ વિધેયક નાણા વિધયેક છે કે કેમ તે નક્કી કરવાનો તેમજ સંસદમાં હિન્દી કે અંગ્રેજી સિવાયની ભાષામાં બોલવાની રજા આપે છે.
- લોકસભાના વિરોધપક્ષના પ્રથમ નેતા રામસુભગસિંહ હતા.
- લોકસભાના પ્રથમ અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવલણકર હતા અને હાલની 16મી લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન છે.
- લોકસભાના પ્રથમ ઉપાધ્યક્ષ એમ.એ.આયંગર હતા અને હાલની 16મી લોકસભાના ઉપાધ્યક્ષ એમ.થમ્બીદુરાઈ છે.

## ભારતીય સંસદની સમિતિઓ

### I) જાહેર હિસાબ સમિતિ - પબ્લિક એકાઉન્ટ કમિટી (PAC)

આ સમિતિની મુદત 1 વર્ષની હોય છે. આ સમિતિમાં લોકસભામાંથી 15 અને રાજ્યસભામાંથી 7 એમ કુલ 22 સભ્યો લેવામાં આવે છે. આ સમિતિના સભ્યોની નિમણૂક લોકસભાના અધ્યક્ષ કરે છે. આ કમિટી દેશના નાણાકીય વ્યવહારીઓની તપાસ કરે છે. કેગનો નાણાકીય અહેવાલ તપાસે છે. જાહેર હિસાબ સમિતિ રાષ્ટ્રપતિને ઉદ્દેશીને પોતાનો અહેવાલ કેંદ્ર સરકારને રજૂ કરે છે.

### II) જાહેર સાહસ સમિતિ

આ સમિતિમાં લોકસભાના 10 અને રાજ્યસભાના 5 મળીને કુલ 15 સભ્યો હોય છે. આ સમિતિના ચેરમેનની નિયુક્તિ લોકસભાના અધ્યક્ષ કરે છે.

### III) અંદાજ સમિતિ

અંદાજ સમિતિમાં લોકસભાના 30 સભ્યો હોય છે. રાજ્યસભાના સભ્યો આ સમિતિમાં હોતા નથી. ચેરમેન પદે લોકસભાના અધ્યક્ષ હોય છે. આ સમિતિ બજેટની ચકાસણી કરે છે.

IV) એસ.સી. અને એસ.ટી. કલ્યાણ સમિતિ

તેમાં લોકસભાના 20 અને રાજ્યસભાના 10 સભ્યો એમ કુલ મળીને 30 સભ્યો હોય છે.

## સુપ્રિમ કોર્ટ - 124

- અનુચ્છેદ - 124 સુપ્રિમ
- અનુચ્છેદ - 125 સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશનો પગાર
- અનુચ્છેદ - 126 કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક
- અનુચ્છેદ - 127 એડહોક ન્યાયાધીશોની નિમણૂક
- અનુચ્છેદ - 128 સુપ્રિમ કોર્ટની બેઠકોમાં સેવાનિવૃત ન્યાયાધીશોની હાજરી
- અનુચ્છેદ - 129 સુપ્રિમ કોર્ટ નઝીરી અદાલત તરીકે
- અનુચ્છેદ - 143 રાષ્ટ્રપતિની સુપ્રિમ કોર્ટ સાથે મંત્રણા કરવાની સત્તા
- અનુચ્છેદ - 148 કેગની નિમણૂકની જોગવાઈ

## ભારતીય સુપ્રિમ કોર્ટ

સુપ્રિમ કોર્ટની સ્થાપના 26મી જાન્યુઆરી 1950માં નવી દિલ્લી મુકામે થઇ હતી. 26મી જાન્યુઆરી 1950ના રોજ ભારત એક સાર્વભૌમ લોકશાહી ગણતંત્ર બન્યું તેના બે દિવસ બાદ સુપ્રિમ કોર્ટે તેના કામકાજનો પ્રારંભ કર્યો હતો. ઉદઘાટન પ્રસંગે સંસદભવનમાં ચેમ્બર ઓફ પ્રિન્સેસ (Chambers Princes)માં યોજાયો હતો. ચેમ્બર ઓફ પ્રિન્સેસ અગાઉ 1937થી 1950ના મધ્ય સુધી 12 વર્ષ સુધી ફેડરલ કોર્ટ ઓફ ઇન્ડિયાની બેઠક રહી હતી. અને જ્યાં સુધી સુપ્રિમ કોર્ટે તેની હાલની ઈમારત 1958માં નહોતી ખરીદી ત્યાં સુધી કોર્ટની બેઠક રહી હતી. 28 જાન્યુઆરી 1950નારોજ તેના ઉદઘાટન બાદ સુપ્રિમ કોર્ટે સંસદના ગૃહમાં ચેમ્બર ઓફ પ્રિન્સેસમાં તેની બેઠકનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કોર્ટે હાલના મકાનમાં 1958માં સ્થળાંતર કર્યું હતું.

સુપ્રિમ કોર્ટની ઈમારતની ડિઝાઇન સ્થપતિ ગણેશ ભિખાજી ડિયોલાલિકર દ્વારા કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટની ડિઝાઇન ઇન્ડો - બ્રિટિશ શૈલીમાં છે. ઈમારતના વિવિધ ભાગોમાં 15 કોર્ટ ખંડો છે.

ઈ.સ.2000ની સાલમાં નિમણૂક પામેલા ન્યાયમૂર્તિ કે.જી.બળક્રિષ્ણન દલિત સમાજમાંથી આવતા સૌપ્રથમ ન્યાયમૂર્તિ હતા. 2007માં તેઓ ભારતના પ્રથમ દલિત મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા.

**ન્યાયાધીશની યોગ્યતા**

ભારતના નાગરિક હોવા જોઈએ. 35 વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ. ભારતની કોઈપણ હાઇકોર્ટમાં 10 વર્ષ વકીલાતનો અનુભવ હોવો જોઈએ. અથવા કોઈપણ હાઇકોર્ટમાં 5 વર્ષનો ન્યાયાધીશ તરીકે ફરજ બજાવેલી હોવી જોઈએ.

**ન્યાયાધીશની સંખ્યા**

સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશની કુલ સંખ્યા 31 હોય છે. જેમાં 1 મુખ્ય ન્યાયાધીશ અને અન્ય 30 ન્યાયાધીશ હોય છે.

**ન્યાયાધીશની નિમણૂક**

રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક થાય છે. નવી કોલેજીયમ પદ્ધતિ મુજબ કેંદ્ર સરકાર અને રાષ્ટ્રપતિ ભેગા મળીને ન્યાયાધીશની નિમણૂક કરશે.

**ન્યાયાધીશનો કાર્યકાળ**

ન્યાયાધીશનો કાર્યકાળ 65 વર્ષની ઉંમર પૂરી થાય ત્યાં સુધીનો હોય છે. પરંતુ મહભિયોગ દ્વારા તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

**ન્યાયાધીશ પર મહાભિયોગ**

સંસદના બંને ગૃહના સભ્યો 2/3 બહુમતીથી પ્રસ્તાવ પસાર કરે તો બહુમતીથી પ્રસ્તાવ પસાર કરે તો ન્યાયાધીશ તરીકેનું પદ છોડવું પડે છે.

## નઝીરી અદાલત (કોર્ટ ઓફ રેકોર્ડઝ)

જુદી જુદી અદાલત દ્વારા આપવામાં આવતા ચુકાદા, કાયદાના અર્થઘટનો, સ્વીકારવામાં આવેલી પ્રણાલીઓ વગેરે દસ્તાવેજો સર્વોચ્ચ અદાલત દ્વારા સુરક્ષિત રાખવામાં આવે છે. અને પૂર્વ દ્રષ્ટાંત તરીકે ટાંકવામાં આવે છે. જો કોઈપણ વ્યક્તિ સર્વોચ્ચ અદાલતના નિર્ણયો કે ચુકાદાઓનું પાલન નહીં કરે તો સુપ્રિમ કોર્ટ તેને અદાલતના અપમાન માટે સજા કરી શકે છે.

## કેગ – (148)

- ભારતમાં કેગની સ્થાપના 1860માં થઇ હતી.
- કેગની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. કેગની નિવૃત્તિની વય 6 વર્ષ તથા 65 વર્ષની ઉંમરની મર્યાદા હોય છે.
- ભારત સરકારના નાણાકીય વહીવટની તપાસ કરે છે.
- ભારતના પ્રથમ કેગ વી.નરહરિરાવ હતા અને હાલના કેગ શશિકાંત શર્મા છે.

## ભાગ - 6

- અનુચ્છેદ - 152 રાજ્યની વ્યાખ્યા
- અનુચ્છેદ - 153 રાજ્યના રાજ્યપાલ
- અનુચ્છેદ - 154 રાજયની કારોબારી સત્તાઓ
- અનુચ્છેદ - 155 રાજ્યપાલની નિમણૂક
- અનુચ્છેદ - 156 રાજયપાલનો કાર્યકાળ
- અનુચ્છેદ - 157 રાજ્યપાલના હોદ્દા માટેની લાયકાતો
- અનુચ્છેદ - 158 રાજયપાલના હોદ્દા માટેની શરતો
- અનુચ્છેદ - 159 રાજ્યપાલના શપથ
- અનુચ્છેદ - 160 રાજયપાલની ફરજોનું વર્ણન
- અનુચ્છેદ - 161 રાજ્યપાલની ન્યાયિક સત્તાઓ
- અનુચ્છેદ - 162 રાજ્યની કારોબારી સત્તાઓ
- અનુચ્છેદ - 163 રાજ્યપાલને સલાહ આપવા રાજ્યનું મંત્રીમંડળ
- અનુચ્છેદ - 164 મુખ્યમંત્રીની નિમણૂક
- અનુચ્છેદ - 165 એડવોકેટ જનરન

## રાજ્યપાલ

- અનુચ્છેદ 155 અન્વયે વડાપ્રધાનની ભલામણથી રાષ્ટ્રપતિ રાજ્યપાલ (ગવર્નર)ની નિમણૂક કરે છે.
- 1995માં થયેલ 77માં સુધારા દ્વારા એક વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યોના રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકાય છે.
- રાજ્યપાલ હોદ્દાની રૂએ રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિનું પદ ધરાવે છે.
- રાજ્યપાલને વિધાનસભાનું સત્ર બોલાવવાનો, સ્થગિત કરવાનો અને તેને ભંગ કરવાનો અધિકાર છે.
- ભારતના પ્રથમ સ્ત્રી રાજ્યપાલ સરોજીની નાયડુ હતા.
- ગુજરાતના સૌપ્રથમ કાર્યકારી રાજ્યપાલ પી.એન.ભગવતી હતા.
- રાજ્યનો તમામ વહીવટ રાજ્યપાલના નામ પર ચાલે છે. અને તે રાજ્યના બંધારણીય વડા છે.

## રાજ્યપાલનો કાર્યકાળ

- 5 વર્ષનો કાર્યકાળ હોય છે તેમ છતાં રાષ્ટ્રપતિની ઈચ્છા પ્રમાણે વધારો - ઘટાડો કરી શકાય છે.

## રાજ્યપાલની લાયકાત

- ભારતના નાગરિક હોવા જોઈએ.
- 35 વર્ષની ઉંમર પૂર્ણ કરેલ હોવા જોઈએ.
- લાભનો હોદ્દો ધરાવતા ન હોવા જોઈએ.
- વિધાનસભા કે સંસદનો સભ્ય ન હોવા જોઈએ.

## રાજ્યપાલના શપથ

- હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શપથ લેવડાવે છે.

## રાજ્યપાલની સત્તાઓ

- રાજ્ય સરકારના તમામ કામો રાજ્યપાલના નામે થાય છે.
- રાજ્યપાલ રાજ્ય વિધાનસભાના સત્રને તાત્કાલિક બોલાવી શકે છે.
- વિધાનસભાને બરખાસ્ત કરવાની સત્તા રાજ્યપાલને છે.
- રાષ્ટ્રપતિશાસન દરમિયાન રાજ્યનો તમામ વહીવટ રાજ્યપાલ કરે છે.
- વિધાનસભામાં નાણા બીલ રજૂ કરવા માટે રાજ્યપાલની પૂર્વમંજૂરી લેવી પડે છે.
- રાજ્યપાલ જિલ્લા ન્યાયાધીશ, એડવોકેટ જનરલ, મુખ્યમંત્રી, રાજ્ય નાણાપંચના અધ્યક્ષ, રાજ્યના જાહેર સેવા પંચના અધ્યક્ષ અને સભ્યો, રાજ્ય મહિલા પંચના અધ્યક્ષ, રાજ્યના માનવાધિકારના અધ્યક્ષ, રાજ્યની યુનિવર્સિટીના કુલપતિની નિમણૂક કરે છે.
- અનુચ્છેદ - 213 અન્વયે રાજ્યપાલ રાજ્યમાં વટહુકમ બહાર પાડી શકે છે.
- રાજ્યના નાણામંત્રીને બજેટ રજૂ કરવા જણાવે છે.
- કોઈપણ ગુનામાં સંડોવાયેલ અને દોષિત વ્યક્તિને માફી કે તેની સજામાં વધારો કે ઘટાડો કરવાની સત્તા રાજ્યપાલ પાસે છે.

## રાજ્યપાલને સલાહ આપવા રાજ્યનું મંત્રીમંડળ

- અનુચ્છેદ 163 પ્રમાણે રાજ્યપાલ મુખ્યમંત્રીની નિમણૂક કરશે. રાજ્યપાલ મુખ્યમંત્રીને શપથ લેવડાવે છે.
- રાજ્યપાલ વિધાનસભાનો સભ્ય ન હોય તો પણ મુખ્યમંત્રી બની શકે છે પરંતુ તેણે 6 માસમાં ચૂંટાવું જરૂરી છે.
- રાજ્યપાલને તેમના કાર્યોના સલાહસૂચન માટે એક મંત્રીમંડળ હોય છે જેના અધ્યક્ષ મુખ્યમંત્રી હોય છે. મંત્રીમંડળ રાજ્યપાલને સલાહ આપી શકે છે તેની તપાસ કરવાનો અધિકાર કોર્ટ પાસે નથી. રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી અન્ય મંત્રીઓની નિમણૂક કરશે.
- ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી સુચેતા કૃપલાણી હતા.

**એડવોકેટ જનરલ**

â અનુચ્છેદ 165 મુજબ રાજ્યપાલ રાજ્યના એડવોકેટ જનરલની નિમણૂક કરે છે. એડવોકેટ જનરલ હાઇકોર્ટના ન્યાયાધીશ થવા જેટલી લાયકાત ધરાવતા હોવા જોઈએ. એડવોકેટ જનરલનું કાર્ય રાજ્ય સરકારને કાયદાકીય સલાહ આપવાનું છે.

- અનુચ્છેદ - 168 રાજ્યમાં વિધાનસભા સ્થાપવાની જોગવાઈ
- અનુચ્છેદ - 169 રાજ્યોમાં વિધાનપરિષદની નાબુદી અને સર્જન
- અનુચ્છેદ - 170 વિધાનસભાઓની રચના
- અનુચ્છેદ - 171 વિધાનપરિષદોની રચના

## વિધાનસભા

- વિધાનસભા એ રાજ્યનું નીચલું ગૃહ છે.
- વિધાનસભામાં સભ્યોની ચૂંટણી લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે થાય છે.
- વિધાનસભામાં વધુમાં વધુ 500 અને ઓછામાં ઓછી 60 બેઠકો હોવી જોઈએ. પરંતુ ગોવા, અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ અને સિક્કિમમાં ખાસ જોગવાઈને આધારે 60 થી ઓછી પણ બેઠકોની જોગવાઈ છે.
- ભારતમાં સૌથી ઓછી વિધાનસભાની બેઠકો સિક્કિમ (32) રાજ્યમાં છે.
- વિધાનસભાને રાજ્યપાલ બરખાસ્ત કરી શકે છે.વિધાનસભાના સભ્યો પોતાનામાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી કરે છે.
- અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ પદ સંભાળે છે.
- વિધાનસભાના સભ્ય બનવા માટે 25 વર્ષની ઉંમર હોવી જોઈએ.
- વિધાનસભાનો સભ્ય કોઈપણ પ્રકારનો લાભનો હોદ્દો ધરાવતા ન હોવા જોઈએ કે સરકારી કર્મચારી ન હોવો જોઈએ.
- બંધારણની કલમ 190 અન્વયે સભ્ય કોઈપણ એક ગૃહનો જ સભ્ય બની શકે છે.
- ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ કલ્યાણજી મહેતા હતા અને હાલના વિધાનસભાના અધ્યક્ષ ગણપતભાઈ વસાવા છે.
- વિધાનસભામાં કોઈપણ વિષયની રજૂઆત કરતાં પહેલાં અધ્યક્ષની મંજૂરી લેવી પડે છે.

## વિધાનપરિષદ

- વિધાનપરિષદ રાજ્યનું ઉપલું ગૃહ છે. રાજયની વિધાનસભામાં હાજર સભ્યોમાંથી 2/3 સભ્યોની બહુમતીથી રાષ્ટ્રપતિની મંજૂરી દ્વારા વિધાનપરિષદની સ્થાપનાની જોગવાઈ છે.
- કોઈપણ સુધારા વિધેયક અન્વયે વિધાનસભા અને વિધાનપરિષદમાં ઐક્ય ન સધાય ત્યારે બંને ગૃહની સંયુક્ત બેઠક બોલાવવામાં આવે છે.
- રાજ્ય વિધાનપરિષદના સભ્યની મુદત 6 વર્ષની હોય છે તેના ત્રીજા ભાગના સભ્યો દર બે વર્ષે નિવૃત થાય છે.
- વિધાનપરિષદના સભ્યો પોતાના ચેરમેન અને નાયબ ચેરમેનને ચૂંટે છે.

- વિધાનપરિષદની સભ્ય સંખ્યા વિધાનસભાના ત્રીજા ભાગના સભ્યો જેટલી હોય છે. તેમ છતાં 40 થી ઓછી ન હોવી જોઈએ.
- વિધાનપરિષદના સભ્યોની કુલ સંખ્યા નીચે પ્રમાણે પ્રજાના જુદા જુદા વર્ગોમાંથી ચૂંટવામાં આવે છે. અથવા નિમવામાં આવે છે.

1. 1/3 જેટલા સભ્યો મ્યુનિસિપાલિટીઓ, જિલ્લા બોર્ડ અને બીજી એવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના બનેલા મતદાર મંડળમાંથી ચૂંટાય છે.
2. ½ જેટલા સભ્યો રાજ્યમાં રહેતા અને ભારતની કોઈપણ વિદ્યાપીઠના ઓછામાં ઓછા ત્રણ વર્ષથી સ્નાતક હોય તેવા મતદાન મંડળમાંથી ચૂંટાય છે.
3.1/12 જેટલા સભ્યો રાજયની માધ્યમિક શાળાઓ અને તેમાંની ઊંચી કક્ષાની કેળવણીની સંસ્થાઓમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા મતદાર મંડળમાંથી ચૂંટાય છે .
4.1/3 સભ્યો ધારાગૃહના સભ્ય ન હોય તેવામાંથી રાજ્ય વિધાન સભા ચૂંટે છે. 1/6 જેટલા સભ્યો સાહિત્ય, વિજ્ઞાન, કાળા, સહાકરી પ્રવૃત્તિ તથા સમાજસેવામાં અસાધારણ જ્ઞાન કે પ્રતિભા ધરાવતી વ્યક્તિઓની નિમણૂક રાજ્યપાલ કરે છે.

- વિધાનપરિષદનો સભ્ય ભારતનો નાગરિક હોવો જોઈએ તથા તેની ઉંમર 30 વર્ષથી વધારે હોવી જોઈએ.
- સરકારી કર્મચારી ન હોવો જોઈએ.
- હાલમાં કુલ છ વિધાનપરિષદ કાર્યરત છે.

## હાઇકોર્ટ

- અનુચ્છેદ - 214 રાજ્યોની હાઇકોર્ટ
- અનુચ્છેદ - 215 વડી અદાલતો નઝીરી અદાલતો તરીકે
- અનુચ્છેદ - 216 એક મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશની બનેલી હાઇકોર્ટ
- અનુચ્છેદ - 219 હાઇકોર્ટના ન્યાયાધીશની નિમણૂક
- અનુચ્છેદ - 221 હાઇકોર્ટના ન્યાયાધીશનો પગાર
- અનુચ્છેદ - 222 હાઇકોર્ટના ન્યાયાધીશની બદલી
- અનુચ્છેદ - 223 મૂળભૂત અધિકારોના ભંગ બદલ હાઇકોર્ટમાં રીટ ફરમાવવાની સત્તા
- અનુચ્છેદ - 231 બે કે તેથી વધુ રાજ્યો વચ્ચે એક હાઇકોર્ટ
- અનુચ્છેદ - 233 રાજ્યપાલ દ્વારા જિલ્લા ન્યાયાધીશની નિમણૂક
- અનુચ્છેદ - 235 તાબા હેઠળની નીચેની અદાલતો પર વડી અદાલતનું નિયંત્રણ

## હાઇકોર્ટની રચના

- ભારતીય બંધારણના અનુચ્છેદ 214 અંતર્ગત દરેક રાજ્યમાં એક હાઈકોર્ટની રચના કરી શકે. તથા અનુચ્છેદ 216 અંતર્ગત એક મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયાધીશો મળીને એક

હાઇકોર્ટની રચના કરશે. બંધારણમાં ન્યાયાધીશોની સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ભારતમાં સૌપ્રથમ હાઇકોર્ટની સ્થાપના 1862માં કલકત્તામાં થઇ હતી. હાલમાં ભારતમાં કુલ 24 હાઇકોર્ટ છે.

## ન્યાયાધીશની યોગ્યતા

- તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
- હાઇકોર્ટની અંદર 10 વર્ષનો વકીલાતનો અનુભવ અથવા ભારતમાં 10 વર્ષ સુધી ન્યાયવિષયક હોદ્દા પર રહી ચૂક્યા હોવા જોઈએ.

## ન્યાયાધીશની નિમણૂક

- રાજ્યોની હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ કે અન્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.

## નિવૃતિની વયમર્યાદા

- હાઇકોર્ટના ન્યાયાધીશની નિવૃત્તિની વયમર્યાદા 62 વર્ષની છે.

# હાઇકોર્ટ હેઠળની અદાલતો

## લોક અદાલત

â લોકોને સરળતાથી અને ઝડપી ન્યાય મળી રહે તે માટે સ્થાનિક કક્ષાએ લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. લોક અદાલત જાહેર રજાના દિવસે મળે છે. સામ - સામેના બે પક્ષોની સહમતીથી લોક અદાલતનું આયોજન કરી શકાય છે. લોક અદાલતથી કેસોનો નિકાલ થઇ જતા કોર્ટોનું ભારણ ઓછું થઇ જાય છે દેશમાં સૌપ્રથમ લોક - અદાલતની સ્થાપના 1984માં મહારાષ્ટ્રમાં થઇ હતી. ગુજરાતમાં 14 માર્ચ 1982માં જૂનાગઢ ખાતે થઇ હતી. લોક અદાલતનું સૌપ્રથમ આયોજન પી.એન.ભગવતીની અધ્યક્ષતામા દિલ્લીમાં થયું હતું.

## ફેમિલી કોર્ટ

â પરિવારોના વિવાદોને મૈત્રીપૂર્ણ સમાધાન કરવા ફેમિલી કોર્ટની રચના કરવામાં આવે છે. ફેમિલી કોર્ટના ચૂકાદાથી સંતોષ ન થાય તો હાઇકોર્ટમાં અપીલ કરી શકાય છે. 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરમાં રાજ્ય વિધાનસભાની મંજૂરીથી ફેમિલી કોર્ટની રચના થઇ શકે છે.

## ફાસ્ટ ટ્રેક કોર્ટ

â ગુનેગારોને ઝડપથી સજા મળે તે માટે ઈ.સ.2001થી ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવી છે.

## ભાગ - 7

## કેંદ્રયાદી, રાજ્ય યાદી અને સંયુક્ત યાદી

કેંદ્રયાદી : નેશનલ હાઇવે, શસ્ત્ર સરંજામ, સંરક્ષણ, વિદેશી બાબતો, વસતી ગણતરી, પાસપોર્ટ, વિઝા, બંદર, ટેલિફોન, અણુશક્તિ, નાણું, બેન્કિંગ, તાર, ટપાલ અને રેલવેનો સમાવેશ કેંદ્ર યાદીમાં થાય છે.

રાજ્યયાદી : જમીનો પરનો કર, હોસ્પિટલ, કાયદો અને વ્યવસ્થા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કૃષિ, શિક્ષણ, આરોગ્ય, રાજ્યના આંતરિક વ્યાપાર અને વાણિજ્યનો સમાવેશ રાજ્યયાદીમાં થાય છે.

સંયુક્ત યાદી :દિવાની અને ફોજદારી બાબતો, લગ્ન અને છૂટાછેડા, શિક્ષણ, આર્થિક આયોજન, વ્યાપારી સંઘો વગેરેનો સમાવેશ સંયુક્ત યાદીમાં થાય છે.

## ભાગ - 8

- અનુચ્છેદ - 239 રાષ્ટ્રપતિ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ
- અનુચ્છેદ - 241 કેન્દ્રશાસિત પ્રદેશ માટે હાઇકોર્ટ

- કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટની જવાબદારી રાષ્ટ્રપતિની છે. તેના માટે રાષ્ટ્રપતિ ઉપરાજ્યપાલની નિમણૂક કરે છે જે કેંદ્રશાસિત પ્રદેશનો વહીવટ સંભાળે છે. દિલ્લી અને પોંડીચેરીમાં વિધાનસભા અસ્તિત્વમા છે.
- દાદરા અને નગર હવેલી તથા દીવ અને દમણ કેંદ્રશાસિત પ્રદેશોનો વહીવટ મુંબઈની હાઇકોર્ટમાં થાય છે.
- પોંડીચેરીનો વહીવટ ચેન્નઈ હાઇકોર્ટમાં થાય છે.
- લક્ષદ્વિપનો વહીવટ અર્નાકૂલમ (કેરળ) હાઇકોર્ટમાં થાય છે.
- અંદમાન અને નિકોબાર ટાપુનો વહીવટ કોલકતા હાઇકોર્ટમાં થાય છે.

## ભાગ - 9

## અનુચ્છેદ - 243 પંચાયતી રાજ અને નગરપાલિકાની જોગવાઈ

- લોર્ડ રિપનને પંચાયતી રાજના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

- દેશમાં પંચાયતી રાજની સ્થાપના 2 ઓક્ટોબર 1959માં જવાહલાલ નહેરુના હસ્તે રાજસ્થાનના નાગોર જિલ્લામાં કરવામાં આવી હતી.
- 1 એપ્રિલ 1963માં ગુજરાતમાં પંચાયતી રાજ અમલમાં આવ્યું.
- 20 લાખથી વધુ વસ્તી ધરાવતા રાજ્ય માટે પંચાયતી રાજની સ્થપનાની જોગવાઈ થઇ શકે છે.
- પંચાયતી રાજને બંધારણમાં સ્થાન આપવાની ભલામણ અશોક મહેતાએ કરી હતી.
- ઈ.સ.1963થી ભારતમાં ત્રણ સ્તરની પંચાયતી રાજ્યની શરૂઆત થઇ હતી.
- પશ્ચિમ બંગાળ એક જ એવું રાજ્ય છે જ્યાં ચાર સ્તરની પંચાયતી રાજ અમલમાં છે.
- 73માં બંધારણીય સુધારા, 1992 દ્વારા પંચાયતી રાજને સમગ્ર ભારતમાં લાગુ કરવામાં આવ્યું.
- 74માં બંધારણીય સુધારા, 1992 દ્વારા નગરપાલિકા અને મહાનગરપાલિકાની જોગવાઈઓને બંધારણમાં ઉમેરવામાં આવી.

## ભાગ - 10

### અનુચ્છેદ - 244 અનુસૂચિત ક્ષેત્રો અને જનજાતિ ક્ષેત્રોનો વહીવટ

## ભાગ - 11

### કેંદ્ર અને રાજ્યના સંબંધો

- અનુચ્છેદ - 245 સંસદ અને રાજ્ય વિધાનસભાએ ઘડેલા કાયદાઓ
- અનુચ્છેદ - 246 સંસદ અને રાજ્ય વિધાનસભાએ ઘડેલા કાયદાનું વિષયવસ્તુ
- અનુચ્છેદ - 247 સંસદને વધારાની અદાલતોની સ્થાપના કરવાની સત્તા

- ભારતની સંસદ કોઈપણ રાજ્ય કે પ્રદેશ માટે કાયદો ઘડી શકે છે.
- ભારતની સંસદ 7માં પરિશિષ્ટમાં દર્શાવેલ કેંદ્રયાદીના વિષય માટે કાયદો ઘડી શકે છે. રાજ્યયાદીના વિષય માટે રાજ્યની વિધાનસભા કાયદો ઘડી શકે છે. સંયુક્ત યાદીમાં આપેલ વિષય માટે સંસદ અને રાજ્યની વિધાનસભા બંને કાયદાઓ ઘડી શકે છે.
- રાજ્યયાદીના વિષયમાં કોઈ વિષયનો સમાવેશ ન થતો હોય છતાં સંસદને કાયદો ઘડવાની સત્તા છે.
- સંસદ કાયદાના અમલ માટે વધારાની અદાલતો સ્થાપી શકે છે.

## ભાગ - 12

- અનુચ્છેદ - 248 સંસદની અવશિષ્ટ સત્તાઓ

- અનુચ્છેદ - 249 રાષ્ટ્રના હિતમાં સંસદની રાજ્યયાદીમાંના વિષય ઉપર કાયદા ઘડવાની સત્તા
- અનુચ્છેદ - 250 રાષ્ટ્રીય કટોકટી વખતે સંસદની રાજ્યયાદીમાંના વિષય ઉપર કાયદા ઘડવાની
- અનુચ્છેદ - 251 દેશની સંસદ અને રાજ્યના કાયદાઓ વચ્ચે વિસંગતતા
- અનુચ્છેદ - 252 બે કે તેથી વધુ રાજ્યોની સંમતિથી સંસદની રાજ્યો માટે રાજ્યયાદીમાંના વિષય ઉપર કાયદા ઘડવાની સત્તા
- અનુચ્છેદ - 253 આંતરરાષ્ટ્રીય કરારોને લાગુ કરવા માટે સંસદની કાયદા બનાવવાની સત્તા
- અનુચ્છેદ - 254 સંસદના કાયદા અને રાજ્યના કાયદા વચ્ચે વિસંગતતા
- અનુચ્છેદ - 256 કેંદ્ર અને રાજ્યોની ફરજો
- અનુચ્છેદ - 257 કેન્દ્રનો રાજ્ય પર અંકુશ
- અનુચ્છેદ - 258 કેન્દ્રની રાજ્યને સત્તા સોંપવાની સત્તા
- અનુચ્છેદ - 260 ભારત બહારના વિસ્તાર ઉપર કેન્દ્રનું સત્તાક્ષેત્ર
- અનુચ્છેદ - 261 જાહેર કૃત્યો સામે ન્યાયિક કાર્યવાહી
- અનુચ્છેદ - 262 આંતરરાજ્ય જળ વિવાદોનો ઉકેલ
- અનુચ્છેદ - 263 આંતરરાજ્ય પરિષદ

## ભાગ - 13

## ભારતીય સીમામાં વેપાર અને વાણિજ્ય

- અનુચ્છેદ - 265 કર નાખવાની કાયદાકીય સત્તા
- અનુચ્છેદ - 266 સંચિત નિધિ
- અનુચ્છેદ - 267 આકસ્મિક નિધિ
- અનુચ્છેદ - 268 કેન્દ્રની રાજ્યો દ્વારા લેવાતી વસૂલાત કર
- અનુચ્છેદ - 268 (A) સેવા કર
- અનુચ્છેદ - 269 કેન્દ્રની રાજ્યને સોંપાતી કરની રકમ
- અનુચ્છેદ - 270 કેંદ્ર અને રાજ્ય વચ્ચે કરની વહેંચણી
- અનુચ્છેદ - 274 કરવેરાના ખરડા માટે રાષ્ટ્રપતિની પૂર્વમંજુરી
- અનુચ્છેદ - 275 રાજ્યોને કેંદ્ર તરફથી મળતી ગ્રાંટ
- અનુચ્છેદ - 276 વેપાર અને રોજગાર પર લાગતો કર
- અનુચ્છેદ - 280 નાણાંપંચ
- અનુચ્છેદ - 300 (A) સંપતિ/મિલકતનો અધિકાર

## નાણાંપંચ - 280

- નાણાંપંચની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. ભારતમાં પ્રથમ નાણાંપંચની રચના 1951માં કે.સી.નિયોગીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. નાણાંપંચમાં એક અધ્યક્ષ અને 4 સભ્યો હોય છે. તેમનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે. કેંદ્ર અને રાજ્ય વચ્ચે ઉભા થતા નાણાંકીય વિવાદોને નાણાંપંચ ઉકેલે છે.
- પ્રથમ નાણાંપંચની રચના 1952 થી 1957 વચ્ચે કરવામાં આવી હતી તેના અધ્યક્ષ કે.સી.નિયોગી હતા.
- હાલમાં 14મુ નાણાંપંચ (2015 થી 2020 સુધી) ચાલે છે અને તેના અધ્યક્ષ વાય.વી.રેડ્ડી છે.

## ભાગ – 14

## કેંદ્ર અને રાજ્ય હેઠળની સેવાઓ

- અનુચ્છેદ – 311 અધિકારીઓને રક્ષણ
- અનુચ્છેદ – 312 અખિલ ભારતીય સેવાઓ
- અનુચ્છેદ – 315 સંઘ અને રાજ્ય માટે જાહેર સેવા આયોગો
- અનુચ્છેદ – 317 સંઘ અને રાજ્ય સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યને દૂર કરવાની જોગવાઈ

- કેન્દ્રમાં કેન્દ્રીય જાહેર સેવા આયોગ (UPSC) હોય છે. કેન્દ્રીય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. તેમનો કાર્યકાળ 6 વર્ષ અને ઉમરની મર્યાદા 65 વર્ષ સુધીની હોય છે.
- રાજ્યમાં રાજ્ય જાહેર સેવા આયોગ હોય છે. રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક રાજ્યપાલ કરે છે તેમનો કાર્યકાળ 6 વર્ષ અને ઉમરની મર્યાદા 62 વર્ષ સુધીની હોય છે.
- જાહેર સેવા આયોગનું કાર્ય સરકારી ભરતી કરવાનું તથા ઈન્ટરવ્યું લેવાનું છે. કર્મચારીને નોકરીમાં નિમણૂક, બઢતી આપે છે, સરકારી પરીક્ષાનો અભ્યાસક્રમ તૈયાર કરે છે.

## ભાગ – 15

## ચૂંટણી

- અનુચ્છેદ – 324 ચૂંટણી પંચની જોગવાઈ
- અનુચ્છેદ – 325 મતદાર યાદી
- અનુચ્છેદ – 326 પુખ્તવય મતાધિકાર દ્વારા ચૂંટણી

## ચૂંટણીપંચ (324)

â બંધારણમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા અને વિધાનસભાની ચૂંટણી નિષ્પક્ષ રીતે થાય તે માટે ચૂંટણી પંચની જોગવાઈ કરેલ છે. ચૂંટણીપંચમાં 1 મુખ્ય અને 2 અન્ય ચૂંટણી કમિશ્નર હોય છે, મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નરની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. ચૂંટણી કમિશ્નરનો કાર્યકાળ 6 વર્ષનો તથા ઉમરની મર્યાદા 65 વર્ષની હોય છે. ભારતીય ચૂંટણી પંચની રચના 25 જાન્યુઆરી 1950ના રોજ થઇ હતી. હાલમાં 25 જાન્યુઆરીને 'રાષ્ટ્રીય મતદાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ચૂંટણીપંચ રાજકીય પક્ષોને ચૂંટણી ચિહ્ન ફાળવે છે.
- રાજકીય પક્ષોને માન્યતા આપે છે.
- મતદારોની નોંધણી કરે છે.
- ચૂટણીમાં ઉમેદવારી નોંધાવતા ઉમેદવારોના કુલ મતના 1/6 ભાગના મત ન મળે તો તેની ડીપોઝીટ જમા થઇ જાય છે.
- ભારતીય બંધારણ અનુસાર મતદાનના 48 કલાક પહેલાં ચૂંટણી પ્રચાર બંધ કરી દેવો જોઈએ.
- દેશમાં ગોવા વિધાનસભાની ચૂટણીમાં સૌપ્રથમ ઇલેક્ટ્રિક વોટિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ભારતમાં શ્રી. વી.વી.ગીરી અને ડૉ.ઝાકીર હુસૈનની રાષ્ટ્રપતિની ચૂટણીને કોર્ટમાં પડકારવામાં આવી હતી.
- ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશ્નર સુકુમારસેન હતા.
- ભારતના પ્રથમ સ્ત્રી ચૂંટણી કમિશ્નર વી.એસ.રામદેવી હતા.
- હાલમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર નસિમ ઝૈદી (20માં) છે.

## ભાગ - 16

## અમુક વર્ગ સાથે સંકળાયેલ ખાસ જોગવાઈ

- અનુચ્છેદ - 330 લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકો
- અનુચ્છેદ - 331 રાષ્ટ્રપતિ દ્વારા લોકસભમાં બે એંગ્લો ઇન્ડિયનની પસંદગી
- અનુચ્છેદ - 332 રાજ્યની વિધાનસભામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સ્થળોનું અનામત
- અનુચ્છેદ - 333 રાજ્યપાલો રાજ્યની વિધાનસભામાં એક એંગ્લો ઇન્ડિયન સભ્ય નીમી શકે છે.
- અનુચ્છેદ - 336 એંગ્લો ઇન્ડિયનને માટે અમુક સેવાઓ વિશેની જોગવાઈ
- અનુચ્છેદ - 337 એંગ્લો ઇન્ડિયન જૂથના ફાયદા માટે શૈક્ષણિક ગ્રાન્ટની જોગવાઈ
- અનુચ્છેદ - 338 રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચ

- અનુચ્છેદ - 339 રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચ
- અનુચ્છેદ - 340 પછાત વર્ગ પંચ

## ભાગ - 17

- અનુચ્છેદ - 343 દેશની રાષ્ટ્રભાષા હિન્દી છે.
- અનુચ્છેદ - 344 ભાષા સમિતિ
- અનુચ્છેદ - 345 પ્રત્યેક રાજ્યની વિધાનસભાને પોતાના કાર્યો કરવા ઉપયોગમાં લેવાતી ભાષા પસંદ
- અનુચ્છેદ - 347 રાષ્ટ્રપતિ ભાષાને માન્યતા આપે છે.
- અનુચ્છેદ - 351 હિન્દી ભાષાનો વિકાસ

## ભાગ - 18

## કટોકટીની જોગવાઈ

- અનુચ્છેદ - 352 યુદ્ધ, સૈનિક વિદ્રોહ અને વિદેશી આક્રમણ સમયે રાષ્ટ્રપતિ કટોકટી લાદી શકે.
- અનુચ્છેદ - 353 રાષ્ટ્રીય કટોકટીની અસરો
- અનુચ્છેદ - 356 રાષ્ટ્રપતિ શાસન
- અનુચ્છેદ - 358 અનુચ્છેદ 19ની જોગવાઇઓની કટોકટી દરમિયાન મુલત્વી
- અનુચ્છેદ - 360 નાણાંકીય કટોકટી

## ભાગ - 19

- અનુચ્છેદ - 365 સંઘીય સૂચનાઓ પ્રમાણે ચાલવાની રાજ્યોની નિષ્ફળતા

## ભાગ - 20

## બંધારણમાં સુધારાની જોગવાઈ

Ī અનુચ્છેદ - 368 સંસદની બંધારણમાં સુધારા કરવાની સત્તા અને તે માટેની પ્રક્રિયા

## બંધારણના અગત્યના સુધારા

- પ્રથમ સુધારો (1951) : નવમું પરિશિષ્ટ ભારતીય બંધારણમાં આવ્યું. મૌલિક અધિકારોમાં સમાનતા, સ્વતંત્રતા તથા સંપતિના મૂળભૂત અધિકારોનો સમાવેશ કરવા ઢાંચો તૈયાર કરવામાં આવ્યો.
- બીજો સુધારો (1952) : વસ્તીગણતરીના આંકડાઓના આધાર પર લોકસભાની સંખ્યા નક્કી કરવામાં આવી.
- સાતમો સુધારો (1956) : ભાષાના આધારે રાજ્યોની પૂનર્રચના થઇ. જેમાં 14 રાજ્યો અને 5 કેંદ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થયો.
- આઠમો સુધારો (1960) : લોકસભા અને રાજ્યોની વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને એંગ્લો ઇન્ડિયન સમૂહની ઈ.સ.1970 સુધી અનામતની વ્યવસ્થા કરવામાં આવી.
- દસમો સુધારો (1961) : દાદરા અને નગર હવેલીને ભારતમાં ભેળવી દેવાયો અને કેંદ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો.
- અગિયારમો સુધારો (1961) : રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીના ચૂંટણી મંડળ અંગે
- બારમો સુધારો (1961) : બંધારણમાં પ્રથમ પરિશિષ્ટમાં ફેરફાર સાથે ગોવા, દીવ અને દમણને ભારતમાં જોડવામાં આવ્યા.
- તેરમો સુધારો (1962) : નાગાલેંડને ભારતનું રાજ્ય બનાવી પ્રથમ પરિશિષ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો.
- ચૌદમો સુધારો (1962) : પોંડીચેરી ભારતનું અંગ બન્યું. અનુચ્છેદ 239 ક જોડીને પોંડીચેરી માટે વિધાનસભા તથા મંત્રીમંડળની સ્થાપના કરવાની જોગવાઈ કરવામાં આવી.
- પંદરમો સુધારો (1963) : ઉચ્ચ અદાલતોના ન્યાયાધીશની સેવા નિવૃતિ વયને 60 વર્ષથી વધારી 62 વર્ષ કરવામાં આવી.
- અઢારમો સુધારો (1966) : ભાષાના આધારે પંજાબ અને હરિયાણા તેમજ હિમાચલ પ્રદેશને રાજ્ય અને ચંદીગઢને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરવામાં આવ્યો.
- એકવીસમો સુધારો (1967) : આઠમી અનુસૂચિની રાજભાષાની યાદીમાં સિંધી ભાષાને ઉમેરવામાં આવી.
- બાવીસમો સુધારો (1969) : મેઘાલય રાજ્યની સ્થપના કરવામાં આવી.
- ત્રેવીસમો સુધારો (1970) : અનુસૂચિત જાતિ, આદિજાતિ અને એંગ્લો ઇન્ડિયન સમૂહના લોકોની અનામતની વ્યવસ્થાને ઈ.સ. 1980ના સમયગાળા સુધી વધારી દેવામાં આવ્યો.
- છવ્વીસમો સુધારો (1971) : ભૂતપૂર્વ રજવાડાઓના વિશેષ અધિકારો અને સાલિયાણાના અધિકારો સમાપ્ત કરાયા.
- એકત્રીસમો સુધારો (1973) : ઈ.સ.1971ની વસતી ગણતરીને આધાર પર લોકસભાની સભ્ય સંખ્યા 525 માંથી 545 કરી દેવામાં આવી.
- પાંત્રીસમો સુધારો (1974) : સિક્કિમને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.

- બેતાલીસમો સુધારો (1976) : બંધારણના આમુખમાં સમાજવાદી, ધર્મનિરપેક્ષ, એકતા અને અખંડિતતા શબ્દો ઉમેરવામાં આવ્યા. ઈ.સ.1971ની વસતી ગણતરીને ધ્યાનમાં લઈને લોકસભા અને રાજ્યની વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષના સ્થાને 6 વર્ષનો કરી દેવામાં આવ્યો. બંધારણમાં 'આંતરિક અશાંતિના' બદલે 'સશસ્ત્ર વિદ્રોહ' મુકવામાં આવ્યો.
- બાવનમો સુધારો (1985) : પક્ષ પલટા વિરોધી કાનૂન બંધારણના 10માં પરિશિષ્ટમાં મુકવામાં આવી.
- ત્રેપનમો સુધારો (1986) : મિઝોરમ ભારતનું ત્રેવીસમુ રાજ્ય બન્યું.
- પંચાવનમો સુધારો (1987) : ગોવા ભારતનું 25મુ રાજ્ય બનાવ્યું.
- એકસઠમો સુધારો (1989) : ચૂટણીમાં મત આપવાની ઉંમર 21 વર્ષથી 18 વર્ષની કરવામાં આવી.
- ઓગણસિતેરમો સુધારો (1991) : દિલ્લીને રાષ્ટ્રીય રાજધાનીક્ષેત્રનો દરજ્જો આપવામાં આવ્યો અને દિલ્લી વિધાનસભા સ્થાપનાની જોગવાઈ કરવામાં આવી.
- એકોતેરમો સુધારો (1992) : આઠમી અનુસૂચિમાં 3 ભાષાઓ મણિપુરી, નેપાળી તથા કોંકણી જોડવામાં આવી.
- તોતેરમો સુધારો (1992) : પંચાયતી રાજ સબંધિત જોગવાઈઓને 11માં પરિશિષ્ટમાં જોડવામાં આવી. મહિલાઓ માટે 33 % અનામતની જોગવાઈ કરી.
- ચુમ્મોતેરમો સુધારો (1993) : નગર પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા સબંધિત જોગવાઈઓ 12માં પરિશિષ્ટમાં જોડવામાં આવી.
- છ્યાસીમો સુધારો (2002) : 6 થી 14 વર્ષના બાળકો મફત અને ફરજિયાત શિક્ષણને મૂળભૂત અધિકારમાં સમાવેશ.
- એકાણુંમો સુધારો (2003) : આ બંધારણીય સુધારા દ્વારા પક્ષપલટાને પ્રતિબંધિત કરી રદ કરવામાં આવ્યો.
- ચોરાણુંમો સુધારો (2006) : અનુસૂચિત જાતિ અને આદિજાતિઓના વિકાસ તેમજ કલ્યાણની બાબતોમાં એક મંત્રીની જોગવાઈમાંથી બિહાર રાજ્યોને દૂર કરવામાં આવ્યું અને મધ્યપ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ અને ઝારખંડનો સમાવેશ કરવામાં આવ્યો.
- પંચાણુંમો સુધારો (2009) : એસ.સી. અને એસ.ટી. માટેની અનામતની જોગવાઈ 2020 સુધી જ સિમિત રહેશે.
- અઠ્ઠાણુંમો સુધારો (2012) : હૈદરાબાદ અને કર્ણાટક વિસ્તારને વિશેષ દરજ્જાની જોગવાઈ

## ભાગ - 21

## કામચલાઉ અને પરિવર્તનીય જોગવાઈ

- અનુચ્છેદ - 370 જમ્મુ કાશ્મીર માટેની જોગવાઈ
- અનુચ્છેદ - 371 આસામ, અરુણાચલ પ્રદેશ, ગોવા, સિક્કિમ, મણિપુર, આંધ્રપ્રદેશ, નાગાલેંડ રાજ્ય માટેની વિશેષ જોગવાઈ

## â અનુચ્છેદ – 370 જમ્મુ કાશ્મીર માટેની વિશેષ જોગવાઈ

- ભારતીય બંધારણના અનુચ્છેદ 370 અન્વયે જમ્મુ કાશ્મીરને વિશિષ્ટ રાજ્યનો દરજ્જો અપાયો છે.
- જમ્મુ કાશ્મીર એ એક એવું રાજ્ય છે. જે પોતાનું અલગ બંધારણ ધરાવે છે.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી શકાતા નથી.
- બંધારણના પ્રથમ પરિશિષ્ઠમાં જમ્મુ કાશ્મીરનો ઉલ્લેખ હોવા છતાં બંધારણની બધી જોગવાઈઓ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી કરી શકાતી નથી.
- જમ્મુ કાશ્મીરે પોતાની અલગ બંધારણીય સત્તા રચેલી છે.

ω કેંદ્ર જમ્મુ કાશ્મીર માટે સંયુક્ત યાદીમાં દર્શાવેલ કેટલાંક ચોક્કસ વિષયો પર જ કાયદો બનાવી શકે છે. અન્ય રાજ્યો માટે અન્ય વિષયો પર કાયદો ઘડવાની અવશેષી સત્તાઓ કેંદ્ર પાસે છે.

- અનુચ્છેદ 352 અન્વયે રાષ્ટ્રપતિ રાજ્ય સરકારની મંજૂરી વગર જમ્મુ કાશ્મીરમાં કટોકટી ન લાદી શકે.

ω મિલકત રાખવા અંગેના અધિકાર હજી પણ જમ્મુ કાશ્મીરમાં અમલમાં છે.

ω મિલકતની માલિકી તથા વસાહત અંગેન હકો જમ્મુ કાશ્મીરના ખરીદી શકાતા નથી.

### જમ્મુ કાશ્મીરનું બંધારણ

- જમ્મુ કાશ્મીરનું બંધારણ 26 જાન્યુઆરી 1957થી અમલમાં આવ્યું.

ω જમ્મુ કાશ્મીર ભારતનો અતૂટ ભાગ છે.

ω રાજ્યની તમામ કારોબારી સત્તા રાજ્યપાલ હસ્તક છે.

ω રાજ્યની ધારાસભા દ્વિગૃહી છે. જે પૈકી વિધાનસભા 100 સભ્યોની બનેલી છે. જેમાં બે બેઠકો સ્ત્રીઓ માટે છે. જેની નિમણૂક રાજ્યપાલ કરે છે.

- રાજ્યની વિધાન પરિષદ 30 સભ્યોની બનેલી છે. 11 સભ્યો કાશ્મીર વિસ્તારોમાંથી ધારાસભા દ્વારા ચૂંટાય છે. 8 સભ્યોને રાજ્યપાલ નિયુક્ત કરે છે.

- રાજ્યોની ભાષા ઊર્દૂ છે. પરંતુ સરકારી કાર્યો માટે અંગ્રેજીને પણ સ્થાન અપાયું છે.

- જમ્મુ કાશ્મીરમાં કેંદ્ર દ્વારા નાણાંકીય કટોકટી લાદી શકાતી નથી.

- ભારતમાં જમ્મુ કાશ્મીર રાજ્યમાં બેવડી નાગરિકતા પ્રાપ્ત છે.

## નીતિ પંચ

- NITIનું પૂરું નામ નેશનલ ઇન્સ્ટીટયુટશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા છે.

- ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આયોજન પંચને વિખેરી નીતિ પંચની રચના કરી છે. દેશના વિકાસમાં રાજ્યોની ભૂમિકા વધારવા માટે આ નવી સંસ્થાની ગવર્નિંગ કાઉન્સિલમાં તમામ મુખ્યમંત્રીઓ અને રાજ્યપાલોને સામેલ કરવામાં આવ્યા છે.

- હાલના નીતિપંચના વડા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છે. કોલંબિયા યુનિવર્સિટીના પ્રોફેસર અરવિંદ પાનગઢિયાને નીતિપંચના પ્રથમ અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

## ભાગ - 22

## હિન્દી પાઠ અને ટૂંકી સંજ્ઞાઓ રદ કરવાની જોગવાઈ